# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત-૨૫૪૬ : અંક-૨૬૩, વર્ષ-૨૪, ઓક્ટોબર-૨૦૧૯

## અષાઢ વદ ૨, સોમવાર, તા.૪-૦૭-૧૯૬૬, યોગસાર ગાથા-૬૯ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું પ્રવચન, પ્રવચન-૨૫

'યોગીન્દ્રદેવ' દિગંબર મુનિ ભરતક્ષેત્રને વિષે ઘણા સેંકડો વર્ષ પહેલા થયા, એમણે આ 'યોગસાર' બનાવ્યું છે. યોગસાર એટલે આ આત્માનો શુદ્ધ સ્વભાવ પવિત્ર અનાદિ છે, એમાં એકાકાર થવું એ ધર્મનો સાર છે. સમજાણું કાંઈ? આત્મા... જુઓ! ૬૯માં ઈ આવે છે **'જીવ સદા એકલો છે.'**

**इक्क उपज्जइ मरइ कु वि दुहु सुहु भुंजइ इक्कु।**
**णरयहं जाइ वि इक्क जिउ तह णिव्वाणहं इक्कु।।६९।**

જુઓ! શું કહે છે? **'જીવ એકલો જ જન્મે છે અને એકલો જ મરે છે.'** એકલો જીવ મરે છે, દેહ છૂટે છે તો પોતાએ એકલાએ જ મરવું પડે છે. કોઈ સ્વજન, કુટુંબ સાથે આવી શકતા નથી. અને એકલો જન્મે છે. જન્મમાં પણ કોઈ સાથે નથી. પૂર્વના કોઈ કુટુંબીએ એને માટે પાપ કર્યા હોય તો સાથે કોઈ આવે છે? નરકમાં જન્મ લે, પશુમાં જન્મ લે. પોતે એકલો જન્મે છે અને એકલો મરે છે, કોઈ સાથે નથી.

**'इक्क जिय णरयहं जाइ'** જેવા ભાવ કર્યા હોય એવા પોતાના ભાવ લઈને નરકમાં જાય. એકલો નરકમાં જાય છે, કોઈ કુટુંબ પરિવાર સાથે આવતા નથી. તમારે માટે મેં પાપ કર્યા અમારી સાથે તો ચાલો. અને **'इक्क णिव्वाणहं' 'તથા એકલો જીવ પછી નિર્વાણ પામે છે.'** પોતાનું શુદ્ધ સ્વરૂપ, પરમાનંદ પરમ સ્વરૂપ, એની એકત્વબુદ્ધિ દૃષ્ટિ એકાંત નિર્મળ કરીને પોતાના સ્વભાવમાં સ્થિર થઈને આત્મા પોતાથી એકલો મોક્ષમાં જાય છે. કહો, સમજાય છે? કોઈ ગુરુ પણ સાથે આવતા નથી, કેવળી પણ સાથે આવતા નથી, શાસ્ત્ર સાથે આવતા નથી, સંઘ સાથે આવતો નથી. પોતાનું સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય છે, તેને પુણ્ય-પાપના રાગથી ભિન્ન કરી નિજ સ્વરૂપમાં એકત્વ થઈને પોતાનો આત્મા જ પોતાને નિર્વાણ પ્રાપ્ત કરાવે છે, એમાં કોઈની મદદસહાય છે નહિ. કહો, સમજાય છે?

**'અહીં એકત્વ ભાવનાનો વિચાર કરવામાં આવ્યો છે.'** આ શ્લોકમાં એકત્વ ભાવનાહું એકલો છું (તેનો વિચાર કર્યો છે). **'આ જીવે એકલા જ જન્મવું અને એકલા જ મરવું પડે છે, દરેક જન્મમાં માતા, પિતા, ભાઈ, બંધુ વગેરે મિત્રો અને અન્ય ચેતન-અચેતન પદાર્થોનો સંયોગ થતો રહ્યો અને છૂટતો રહ્યો છે.'** અનેક જન્મમાં કુટુંબનો સંયોગ થયો અને સંયોગ છૂટી ગયો, પોતે તો એકલો જ રહ્યો, કોઈ સાથે આવ્યું નહિ. એમ જાણીને પોતાના સ્વરૂપનું અંતર સાધન કરવું, એમ કહે છે. 'યોગસાર' છે ને? સમજાય છે કાંઈ? **'આ જીવે એકલા જ બધાને છોડીને બીજી ગતિમાં જવું પડ્યું. એક પાપપુણ્ય કર્મ જ સાથે રહ્યું.'** જેવા પુણ્ય અને પાપ કર્યા એ સાથે આવ્યા, બીજું તો કોઈ સાથે આવતું નથી.

**'કર્મોનો બંધ આ જીવ પોતાના શુભ અને અશુભ ભાવોથી જેવો કરે છે તેવું જ તેમનું ફળ આ જીવ એકલો જ ભોગવે છે.'** સમજાય છે? શાસ્ત્રમાં કથામાં એક દૃષ્ટાંત છે કે, નાના ભાઈ માટે મોટા ભાઈએ ઘણા પાપ કર્યા હતા. નાનો ભાઈ રોગી હતો. મોટો ભાઈ એને માંસ, ઈંડા લાવીને ખવડાવતો. એને ખબર નહિ કે આ માંસ છે. પછી મોટો ભાઈ મરીને નરકમાં ગયો અને નાનો ભાઈ જમ, પરમાધામી થયો. બે સગાં ભાઈ. જેને માટે પાપ કર્યા હતા એ મરીને પરમાધામી થયો. પાપ કરવાવાળો નારકી થયો. (પરમાધામી એને) મારે. 'અરે..! ભાઈ! પણ મેં તારી માટે કર્યું હતું ને!' 'મારી માટે (કરવાનું) કોણ કહેતું હતું?' 'તમારી માટે મેં પાપ કર્યા હતા અને તારી માટે કુપથ્ય ઈંડા લાવીને આપ્યા, માંસ લાવીને આપ્યું, માછલીનું માંસ આપ્યું. આ શિરો છે એમ કરીને મેં આપ્યું હતું.' (એટલે પરમાધામી કહે છે), 'મને તો ખબર નથી, તેં આવું કેમ કર્યું? હું તો પરમાધામી થયો છું એટલે હું તો મારીશ.' સમજાય છે કાંઈ? એ પાપ અને પુણ્ય જેવા શુભાશુભ(ભાવ) કર્યા છે (તે) એકલાએ ભોગવવા પડે છે.



કુટુંબ માટે કરે તો કહે છે, **'નરકાયુનો બંધ પડે છે તો આ જીવે એકલા જ નરકમાં જઈને દુઃખ સહેવું પડે છે. કોઈ કુટુંબીજન તેની સાથે આવી શકતું નથી.'** આવી શકે છે કોઈ? અને **'પોતાની સાથે કોઈ મિત્ર, સ્ત્રી, પુત્રને લઈ જઈ શકતો નથી.'** ભાઈ! ચાલો તમે મારા ઘણા નજીકના મિત્ર હતા. સાથે તો આવે, સાથે તો આવો. આપણે તો પચાસ-સાંઈઠ-સાંઈઠ વર્ષ સાથે રહ્યા, સ્ત્રી-પત્ની સાંઈઠ-સીત્તેર વર્ષ સાથે રહે, લ્યો! ચાલો હું જાઉં છું તમે પણ સાથે આવો. **'દરેક જીવની સત્તા જુદી છે.'** કોઈની સત્તા કોઈની સાથે (મળેલી) નથી. જેણે જેવા ભાવ કર્યા તેવા તે (ભોગવે) છે.

**'કર્મોનો બંધ જુદો છે, ભાવોનું પલટવું જુદું છે,...'** બધા જીવોનું કર્મબંધન જુદું અને ભાવોનું (પલટવું) પણ જુદું અને **'શાતા અને અશાતાનું ભોગવવું જુદું છે.'** બરાબર છે, 'રતનચંદજી'! બધાનું જુદું? પત્ની પચાસ-સાંઈઠ-સીત્તેર વર્ષ સાથે રહે તોપણ (જુદું)?

મુમુક્ષુ :— બધા ભેગા થઈને ભોગવે?

ઉત્તર :— બધા ભેગા થઈને ભોગવે કે નહિ? એ..ઈ...! ધૂળમ-ાંય ભોગવતા નથી. સૌ પોતાના રાગને ભોગવે છે. ભિન્ન ભિન્ન રાગ કરીને ભોગવે છે. પૈસા ક્યાં ભોગવે છે? પૈસા કોઈ ખાય જાય છે? આ.. હા...! જુઓ!

**'ચાર ભાઈ હોય તો એક જ સ્થિતિમાં રહી શકતા નથી.'** ચાર ભાઈનો દાખલો આપ્યો છે. હેં? છે એમાં? **'ચાર ભાઈ હોય તો એક જ સ્થિતિમાં રહી શકતા નથી. એક ધનવાન થઈને સાંસારિક સુખ ભોગવે છે.'** જુઓ! સાંસારિક સુખ ભોગવે છે એટલે દુઃખ (ભોગવે છે). **'એક નિર્ધન થઈને કષ્ટપૂર્વક જીવનનિર્વાહ ચલાવે છે, એક વિદ્વાન થઈને દેશપ્રસિદ્ધ થઈ જાય છે,...'** વિદ્વાન હોય તો દેશમાં આબરૂ થાય. એમાં શું? **'એક મૂર્ખ રહીને બધાનો અનાદર મેળવે છે.'** ચાર ભાઈના ચાર (પ્રકાર). 'શ્રેણિક', 'અભયકુમાર' એકસાથે જમતા હતા. બહુ પ્રીતિ હતી, 'શ્રેણિક' રાજાને 'અભયકુમાર' ઉપર બહુ પ્રીતિ હતી અને એ તો દિવાનપણાનું કામ કરતા હતા અને બુદ્ધિવાળા બહુ. 'અભયકુમારની બુદ્ધિ' એમ વાણિયા લખે છે કે નહિ?

ચોપડામાં લખે છે.

મુમુક્ષુ :— ઘરાકને સાચવતા આવડે.

ઉત્તર :— સાચવતા શું આવડે? ઓલો બુદ્ધિવાળો હતો. તો આ કહે, અમને બુદ્ધિ હજો. શેની બુદ્ધિ? તમને એમ મળી જતી હશે?

કહે છે, એ 'અભયકુમાર' ઉપર એટલી પ્રીતિ (હતી). 'અભયકુમાર' સ્વર્ગમાં ગયો. 'શ્રેણિક' રાજા નરકમાં ગયા. સમજાય છે કાંઈ? એકસાથે જમતા હતા. એક નરકમાં ગયા, એક સ્વર્ગમાં ગયા, કોઈ મોક્ષમાં ગયા. સમજાય છે? બીજા રાજકુમાર સાથે હતા તે મોક્ષમાં ગયા. જેવી પોતાની પર્યાય કરે છે તેવું તેનું ફળ મળે છે. એકસાથે જમનારા... શાસ્ત્રપાઠ દેખ એવું છે. એકસાથે જમનારા પણ શાસ્ત્રપાઠે દેખ. એક નરકમાં જાત હૈ ને એક મોક્ષમાં જાત હૈં, એસા દેખ. 'માંગીરામજી'! શું કહે છે? જુઓ! કહે છે, તારા પરિણામ તું સુધાર અને પોતાનો આત્મા શુદ્ધ આનંદકંદ છે એવી દ્દષ્ટિ કરીને આત્માનું ધ્યાન, અનુભવ કર. એ જ મોક્ષનો ઉપાય છે, બીજો કોઈ ઉપાય છે નહિ. સમજાય છે કાંઈ?

**'જ્યારે રોગ આવે છે ત્યારે આ જીવે તેની વેદના સ્વયં જ સહેવી પડે છે. પાસે બેસનારા કોઈ પણ આ વેદનામાં ભાગ પડાવી શકતા નથી.'** પાસે બેઠા હોય ને? હાથ ફેરવ, હાથ. રોગનો થોડો ભાગ એ લે કે નહિ? કોણ લે? સમજાણું કાંઈ? **'સંસારના કાર્યોમાં પણ આ જીવે એકલા જ આચરણ કરવું પડે છે.'** સંસારમાં પણ એકલો વર્તે છે ને? **'બધા જ સંસારી જીવો પોતપોતાના સ્વાર્થના સાથી છે. સ્વાર્થ ન સધાય ત્યારે સ્ત્રી, પુત્ર, મિત્ર, ચાકર સૌ આપણા પ્રત્યે પ્રેમ છોડી દે છે.'** સ્વાર્થ ન હોય તો છોડી દે, નહિ, એમાં કંઈ છે નહિ. કમાતા હતા ત્યાં સુધી ઠીક છે, હવે કમાતા નથી. બરાબર છે કે નહિ? 'માંગીરામજી'!

મુમુક્ષુ :

ઉત્તર : બધું હોય તો સૌને એમ જ છે. તમને એકને 'મહાસુખ'ને છોડે એટલે શું થઈ ગયું? એને પણ અંદરમાં તો એવું જ હોય. કહો, સમજાણું કાંઈ? આહાહા..!

**'બીજાના અસત્ય મોહમાં પડીને પાપકાર્ય ન કરવું જોઈએ. ... હોડીમાં બેઠેલા પ્રવાસીઓની જેમ સર્વ સંયોગોને છૂટી જાય એવા અસ્થિર માનવા જોઈએ.'** એક હોડીમાં બધા બેઠા હોય, સૌ પથિક પોતપોતાના ઘરમાં ચાલ્યા જાય છે, પોતાના ગામમાં ચાલ્યા જાય છે. સાથે બેઠા હોય એ બધા એક ગામમાં જાય છે, એવું છે? એક હોડીમાં બેઠા હોય તો એક જણ એક ગામમાં જાય, બીજો બીજા ગામમાં જાય, ત્રીજો ત્રીજામાં. એમ એક ઘરમાં પચીસ માણસ આવ્યા. એક જાય નરકમાં, એક જાય સ્વર્ગમાં, એક જાય મોક્ષમાં. જેવો પોતાના આત્માનો પુરુષાર્થ કરે તેવું તેનું ફળ મળે છે. કોઈનો સાથ-સથવારો નથી. સમજાણું કાંઈ?

**'તેમાં રાગ, દ્વેષ, મોહ ન કરતાં સમભાવમાં રહેવું જોઈએ.'** એમ કહે છે. ભગવાન આત્મા જ્ઞાતા-દ્રષ્ટા છે, એમાં દયા, દાન આદિ વિકલ્પ આદિ, ભક્તિ, જાત્રાનો (ભાવ) આવે એ બધા પુણ્યભાવ છે, એ ધર્મભાવ નથી. હિંસા, જૂઠ, ચોરી, વિષયભોગ, વાસના એ પાપ છે. દયા, દાન, ભક્તિ, વ્રત, તપ, પૂજા, જાત્રા પુણ્ય છે. બન્ને રાગથી પોતાનો આત્મા ભિન્ન છે એમ જાણીને પોતાના આત્માની શ્રદ્ધા, ધ્યાન કરવું એ જ પોતાની શુદ્ધિની વૃદ્ધિનું કારણ છે, એ જ મોક્ષનું કારણ છે. કહો, સમજાણું કાંઈ?

**'જો એ રત્નત્રયથી ધર્મની સમ્યક્ પ્રકારે આરાધના કરે તો પોતે જ એકલો મોક્ષ પામે છે.'** સંસારના બધા કુટુંબી નરકે જાય, ચાર ગતિમાં જાય, ભલે જાઓ. આત્માપોતાનું સ્વરૂપ શુદ્ધ ચૈતન્યમૂર્તિ (છે). સમજાય છે કાંઈ? પોતાનો આત્મા શુદ્ધ ચૈતન્ય આનંદકંદ છે. એમ તેની રુચિ, દ્દષ્ટિ કરી, આત્માનું જ્ઞાન કરી આત્મામાં જ લીન થવું તે રત્નત્રય એક જ મોક્ષનું કારણ છે. એ રત્નત્રય પોતાથી થાય છે, કોઈ બીજાથી થતા નથી. પોતાના આત્માના આશ્રયે થાય છે. એમાં કોઈની સહાય નથી. ભગવાન, દેવ-ગુરુ-શાસ્ત્ર પણ એમાં મદદ કરતા નથી. સમજાય છે કાંઈ?

એક જણ ભગવાનના મંદિરમાં માળા ગણતો હતો. 'સણોસરા'વાળા 'અમરચંદભાઈ' હતા ને? 'અમરચંદભાઈ' હતા. 'ઉમરાળા' રહેતા હતા ને? 'અમરચંદભાઈ' વિસાશ્રીમાળી. એ ન્યાં મંદિરમાં માળા ગણતા હતા, ન્યાં મરી ગયા. એથી એમ કે, ઓ..હો..હો...! મંદિરમાં મર્યા. મંદિરમાં (મર્યા) તો શું થયું? માળા ગણતા હોય તો શુભભાવ છે, તેનાથી પુણ્ય છે, સમજાણું કાંઈ ? એ ધર્મ-બર્મ છે નહિ. લોકો કહે, ઓ..હો..હો...! બહુ ભાગ્યશાળી! ઉપરથી મડદું

ઉતાર્યું. ત્યાં ભગવાનના મુખ્ય મંદિરમાં મરી ગયા હતા. માળા ગણતા હતા ત્યાં દેહ છૂટી ગયો. આ 'સણોસરા'ના હતા ને? 'અમરચંદભાઈ' હતા, વિસાશ્રીમાળી, દેરાવાસી. ત્યાં રહેતા અને મકાન અહીં હતું. અમારા 'ઉમરાળા'માં મકાન કરેલા. અહીં આવતા. એને લઈને 'સણોસરા' ગયા હતા. ઉપરથી મડદું ઉતાર્યું તો લોકો કહે, ઓ..હો..હો...! સિદ્ધગિરિમાં મૂક્યાં. સિદ્ધિગિરિમાં (મરે પણ) નરકે જાય, એમાં શું છે? સિદ્ધગિરિમાં મરે ને નરકે જાય. 'ધીરુભાઈ'! અને સાધારણ શુભભાવ હોય તો પુણ્ય બાંધે, એમાં કાંઈ કલ્યાણ થઈ જાય, જન્મ-મરણના અંત આવે એમ નથી. ભગવાનની સામે બેઠો હોય તોપણ જેવો રાગ કરે એવો બંધ પડે છે. સમજાય છે કાંઈ? પુણ્ય-પાપના ભાવથી મારી ચીજ ભિન્ન છે. મારી ચીજ જ ભિન્ન છે એમ પોતાના આત્માની શ્રદ્ધા, જ્ઞાન કરે તો તેને રત્નત્રય પ્રગટ થતાં તેનાથી મુક્તિ થાય છે, બીજા કોઈ ઉપાયે મુક્તિ છે નહિ.

'**દરેક જીવના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ બીજા જીવથી જુદા છે.**' બરાબર છે? શું કહ્યું? દરેક જીવ—પ્રત્યેક જીવ, તેનું દ્રવ્ય ભિન્ન, ક્ષેત્ર ભિન્ન, કાળ ભિન્ન અને ભાવ ભિન્ન. '**દરેક જીવ પરમ શુદ્ધ છે.**' લ્યો! ઉતાર્યું છે ખરું, ક્યાંક બીજે ઉતાર્યું હશે, બરાબર છે. ઓલામાં ઉતાર્યું છે, ૭૦ માં ઉતાર્યું છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ ઉતાર્યા છે. દરેક જીવનો પરમધર્મ શુદ્ધ છે. '**દરેક જીવ પરમ શુદ્ધ છે. ન તેને આઠ કર્મોનો સંયોગ છે, ન શરીરનો સંયોગ છે, ન વિભાવ ભાવોનો સંયોગ છે.**' પુણ્ય-પાપના દયા, દાનના ભાવ એ પણ સંયોગી ચીજ છે, આત્માની નથી. એ બધા વિભાવ પરભાવ છે. એમ પોતાના એકલા સ્વભાવની દ્રષ્ટિ કરીને વિચારવું અને હું '**સિદ્ધ સમાન શુદ્ધ, નિરંજન અને નિર્વિકાર છું.**' એમ પોતાને એકલો જાણી '**પોતાના સ્વભાવમાં મગ્ન રહેવું જોઈએ.**' શ્રદ્ધા, જ્ઞાન કરીને સ્થિર રહેવું તે જ મોક્ષનો માર્ગ છે, બીજો કોઈ ધર્મમાર્ગ છે નહિ.

છેલ્લે પણ કહ્યું છે, જુઓ! 'બૃહત્ સામાયિક' પાઠ છે ને? મોટી સામાયિકનો પાઠ છે. '**તું મૂઢ બનીને આવી મિથ્યા કલ્પના કર્યા કરે છે કે હું ગોરો છું, રૂપાળો, મજબૂત શરીરવાળો છું, દૂબળો છું, જાડો છું, કઠોર છું, દેવ છું, મનુષ્ય છું, પશુ છું, નારકી છું, નપુંસક છું, પુરુષ છું, સ્ત્રી છું.**' એ બધું મૂઢ થઈને માને છે. આત્મા એવો છે જ નહિ. '**તું તારા આત્માને જાણતો નથી કે એ તો એકલો જ્ઞાનસ્વભાવી,...**' (છે). ભગવાન જ્ઞાનસ્વરૂપ, જ્ઞાનસ્વભાવ, ચૈતન્યમૂર્તિ નિર્મળાનંદ '**સર્વ દુઃખરહિત અવિનાશી દ્રવ્ય છે.**' નાશ ન થાય તેવો પદાર્થ છે. આવા પદાર્થની અંતર દ્રષ્ટિ કરી રત્નત્રય પ્રગટ કરવા એ પોતાનું સ્વતંત્ર કારણ છે, એમાં કોઈની મદદ નથી.

**પ્રશ્ન :– આત્માનો મહિમા કેવી રીતે આવે ?**

**ઉત્તર :– આત્મા વસ્તુ જ્ઞાનસ્વરૂપ છે. જ્ઞાયક છે તે અનંતગુણનો પિંડ છે. એ આખું પૂર્ણ તત્ત્વ ત્રિકાળી અસ્તિરૂપ છે. એનું સ્વરૂપ એનું સામર્થ્ય અગાધ ને આશ્ચર્યકારી છે. તેને સમજે તો આત્માનો મહિમા મહાત્મ્ય આવે અને રાગનું મહાત્મ્ય છૂટી જાય. આત્મવસ્તુ કેવા અસ્તિત્વવાળી છે, કેવા સામર્થ્યવાળી છે, એનું સ્વરૂપ રુચિપૂર્વક ખ્યાલમાં લ્યે તો એનું મહાત્મ્ય આવે ને રાગનું ને અલ્પજ્ઞતાનું મહાત્મ્ય છૂટી જાય. એક સમયની કેવળજ્ઞાનની પર્યાય ત્રણકાળ ત્રણલોકને જાણવાના સામર્થ્યવાળી છે તે પણ ક્ષણે ક્ષણે નવી નવી થાય છે તો તેને ધરનાર ત્રિકાળી દ્રવ્યનું સામર્થ્ય કેટલું? એમ આત્માના આશ્ચર્યકારી સ્વભાવને ખ્યાલમાં બરાબર લ્યે તો આત્માનો મહિમા આવે.**

**—પૂજ્ય ગુરુદેવશ્રી (પરમાગમસાર—૩૩૭)**

**પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા**
**પરમાગમસાર ગ્રંથના બોલ-૮૩ ઉપર**
**થયેલ ભાવવાહી પ્રવચન,**
**તા. ૨૧-૧૦-૧૯૮૨,**
**પ્રવચન નં. ૮ (વિષય : માર્ગદર્શન)**



**પ્રશ્ન :- અંતરનો માર્ગ બહુ કઠણ લાગે છે ?**

**ઉત્તર :- અંતરનો માર્ગ કઠણ નથી. સહેલો છે, હળવો છે, સરળ છે, કઠણ તો જે થઈ શકે નહીં તે હોય. લાખ પ્રયત્ન કરે છતાં પરમાણુ આત્માનો થાય નહિ, એથી એ કઠણ કહેવાય પણ આત્માનો માર્ગ તો અંતરના પ્રયત્નથી પમાય છે. માટે તે જ થઈ શકે તેવું તેનું સરળ ને સહજ કાર્ય છે, માત્ર અણ-અભ્યાસથી કઠણ લાગે છે. ૮૩.**

(૩૮:૪૦ મિનિટથી)

૮૩. '**પ્રશ્ન :- અંતરનો માર્ગ બહુ કઠણ લાગે છે.**' એ અનુસરતો પ્રશ્ન છે કે આ જે અંતર્મુખ થવાનો માર્ગ છે એ તો અમને કઠણ લાગે છે.

કહે છે કે, '**ખરેખર અંતરનો માર્ગ કઠણ નથી.**' તું માની બેઠો છો એવો નથી. '**સહેલો છે, હળવો છે, સરળ છે,...**' લ્યો, કઠણની સામે ત્રણ શબ્દ લીધા છે. સહેલો છે, હળવો છે અને સરળ છે. જેમ પાણીને ઊંચે ચડાવવું હોય તો એની મશિનરી મૂકવી પડે અને એમાં છપ્પન ચીજ જોઈએ. પણ પાણીને નીચે લાવવું હોય તો કોઈ મશીન મૂકવાની જરૂર નથી. એ પાણી સ્વભાવથી નીચે ઢળે છે.

એમ આત્માને નિર્દોષ થવું, આત્માને શુદ્ધ થવું એ એનો શુદ્ધ સ્વભાવ છે. એ ઢાળમાં જેમ પાણી ઢળે છે,... આવે છે, એનો કળશ આવે છે. ૧૪૪ ગાથા પછીનો એ કળશ છે. જેમ ઢાળમાં ઢળતું પાણી વેગથી ઢાળમાં ઢળે છે. નીચે પડતા પાણીમાં શક્તિ હોય છે, (એમાંથી) વિજળી ઉત્પન્ન કરી શકાય છે. આ ધોધમાંથી કરે છે કે નહીં? વેગથી. વેગ એટલે એની અંદર શક્તિ છે, ફોર્સ છે.

એમ આત્મા શુદ્ધ થાય છે એમાં એની શક્તિથી એનું સામર્થ્ય એમાં પ્રગટે છે અને શુદ્ધ થાય છે. એવું છે. વેગથી એ (પાણી) નીચે ઢળે છે, એમ અંતર્મુખ પણ વેગથી થાય છે. અંતર્મુખ થવામાં શક્તિ આવે છે. એ સરળ છે, સહેલું છે, હળવું છે. અઘરૂં કરી કરીને જીવે એને હડસેલો માર્યો છે.

અમારે એક 'શ્રીમદ્જી'ના અનુયાયી મુમુક્ષુ પરિચયમાં હતા. એ કહે, આ બધી તમારી સોનગઢની ઊંચી ઊંચી વાતો બહુ અમને ઊંચી અને અઘરી લાગે છે. બીએ. એલ.એલ. બી. જેવી. અમે તો સામાન્ય પ્રાથમિક કક્ષાના મુમુક્ષુ છીએ. દયા પાળીએ, કષાય મંદ રાખીએ અને ભક્તિ કરીએ. આ બધું અમે કરીએ. એ અમારું કામ છે. આવી ઊંચી વાતોમાં અમારું કામ નથી. ઠીક! સારી વાત હશે? ભાઈ! ઊંચી વાત હોય તો એને વધારે આદર લાવીને, ભાવમાં એનો વધારે આદર લાવીને એને આદરવું જોઈએ. તો એને ઊંચી સ્થાપી ને ઊંચી માની ને ઊંચા સ્થાનમાં એનો સ્વીકાર કર્યો ગણાય. પણ સ્વીકાર કરે કે બહુ ઊંચી વાત છે. કેમકે એમાં તો ચાલે એવું નથી. એની સર્વોત્કૃષ્ટતા એવી છે કે એમાં તો બીજું કાંઈ ચાલે એવું નથી. પણ એ ઊંચી બતાવીને એને ધક્કો મારે,

હડસેલો મારે તો તેં એને ઊંચી નથી માની પણ તેં એને અનાદરના સ્થાને એને માની છે એ વાતને.

'અનુભવપ્રકાશ'માં તો 'દીપચંદજી'એ સ્પષ્ટ લખ્યું છે કે કોઈ એમ કહે છે કે આ કાળમાં સ્વરૂપપ્રાપ્તિ કરવી ઘણી કઠણ છે. તેને અમે કહીએ છીએ કે, સ્વરૂપપ્રાપ્તિ કઠણ બતાવનાર જીવ બહિરાત્મા છે, સ્વરૂપની ચાહ મટાડનાર બહિરાત્મા છે. ચાહ એટલે રુચિ. એ સ્વરૂપની પ્રાપ્તિને મટાડવા માટે એવી વાત કરે છે અને એનું બહિરાત્માપણું એટલે મિથ્યાદષ્ટિપણું અને અજ્ઞાન એનું જોર કરે છે. તેથી આ વિષયમાં એ આવી વાત કરે છે. નહીંતર આવી વાત કરે નહીં.

કહે છે કે, અંતરનો માર્ગ કઠણ નથી, સહેલો છે, હળવો છે અને સરળ છે. કઠણ તો નથી ઉલ્ટાનો સહેલો છે, એમ કહેવું છે. સહેલો છે એ એટલા માટે કે કોઈ તારે બહારના સાધન મેળવવાની જરૂર નથી કે જો આટલી સાધનસંપન્નતા થાય તો મને માર્ગ મળે. એવું કાંઈ છે નહીં. ખાધે-પીધે સુખી હોઈએ, રળવાની ચિંતા ન હોય તો માર્ગ સહેલાઈથી પ્રાપ્ત કરી શકાય. નહીંતર બીજી ઉપાધિમાં આ માર્ગનો અમે વિચાર કરી શકતા નથી. માટે ઓછામાં ઓછું પહેલા આજીવિકાના સાધનો ને બીજું-ત્રીજું બધું વ્યવસ્થિત ગોઠવાઈ જવું જોઈએ. એટલે એનો પ્રયત્ન કરીએ છીએ અને એ કર્યા પછી અમે આ કરશું. કહે છે કે તું કદી કરવાનો નથી. એ તારી વાત સાચી નથી.

નિવૃત્ત થઈને 'સોનગઢ' રહેવું હોય તો પહેલા વ્ય-વસ્થા તો થઈ જવી જોઈએ કે નહીં? ભાઈ! 'સોનગઢ' રહેવું છે કે આત્મગઢમાં રહેવું છે? આ સવાલ છે. કોઈ ક્ષેત્રમાં, આત્મા ક્ષેત્રને કારણે પ્રાપ્ત થાય છે, એ ભગવાનના માર્ગમાં નથી. 'સોનગઢ' તો શું ભગવાનનું સમવસરણ પણ તને માર્ગપ્રાપ્તિમાં સાધન થાય એવું નથી. ઠીક! જિનેન્દ્રનું સમવસરણ અને તે પણ 'સીમંધર' ભગવાનનું સમવસરણ, ઠીક! મહાવિદેહક્ષેત્ર! એ મહાવિદેહક્ષેત્ર તને ધર્મ પમાડે એવું નથી અને એ સમવસરણ પણ તને ધર્મ પમાડે એવું નથી. આવી આ નિષ્પક્ષ વાત છે. આ બધી નિષ્પક્ષ વાત છે, કોઈ પક્ષની વાત છે નહીં. મધ્યસ્થ વાત છે.

આત્માનો માર્ગ આત્મામાં છે અને એ આત્માની રુચિથી સાધ્ય છે. પછી હરહાલતમાં. કોઈ પણ સંયોગો હો, કોઈ પણ પરિસ્થિતિ હો, સાતમી નારકી તો એની હદ આવી ગઈ. પ્રતિકૂળતાની હદ જે સાતમી નારકી છે ત્યાં પણ આ જીવ સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરે છે. પછી બીજા કોઈ એથી ઊણા પ્રતિકૂળ સંયોગોમાં ન પ્રાપ્ત કરી શકે, એ પ્રશ્ન જ નથી.

એ ક્યારે પ્રાપ્ત કરી શકે છે? કે માર્ગ સહેલો છે એટલે પ્રાપ્ત કરી શકે છે. જો અઘરો હોત તો ત્યાં તો એનું અઘરાપણું વધ્યું હોત. પણ એમ છે નહીં. (નારકીને) વેદના બહુ હોય છે. એક તો જાણે ઘોર અંધારું. શાસ્ત્રમાં નારકીનું વર્ણન આવે છે. અહીં એક દિ' લાઈટ જાય ને ત્યાં... ગુજરાત ઈલેક્ટ્રીસિટી બોર્ડ ને એના સંચાલકો ને અને એના ખાયકી કરવાવાળાને વરસાદ વરસાવે. એક દિ' નહીં પણ અમુક કલાક જાય ત્યાં. ત્યાં તો કાયમ એકલું ઘોર અંધારું. અહીં તો એટલો અંધકાર પણ નથી થતો. કેમકે ચંદ્ર ન હોય તો તારા હોય, બીજી લાઈટો હોય. (નારકીમાં તો) ઘોર અંધારું. એક તો અંધકાર... અંધકાર... અંધકાર... ગંદકી... ગંદકી... ગંદકી. શરીરમાં રોગ.. રોગ.. પીડા... પીડા... પીડા... અને જે પૃથ્વીમાં ઉષ્ણતા છે અને જે પૃથ્વીમાં શીતપણું છે, ... કોઈ પાર વિનાનો. અહીંયાં તો એનો એક કણિયો પણ નથી. પૂરી પ્રતિકૂળતામાં અને દુર્ગંધ... દુર્ગંધ... દુર્ગંધ. અહીં તો એક કણી દુર્ગંધની આવે તો માણસો મરવા મંડે.

પાંચેય ઈન્દ્રિયોના વિષયોની પૂરી પ્રતિકૂળતા. સ્પર્શ, રસ, રૂપ, ગંધથી માંડીને. અને મારો-કાપો, પાછો માર પડે એ જુદો, વેદના હોય (અને માર પડે)! અહીં તો આળું ગુંમડું હોય અને ડોક્ટર લુવે ત્યાં એને એમ થાય કે અર..ર..! હું મરી ગયો! એક તો ત્યાં વેદનાનો પાર નહીં અને ઉપરથી માર પડતા હોય. આવી પરિસ્થિતિ છે. માથામાં હથોડા મારતા હોય ને એવા માર પડતા હોય. એ તો કાંઈ નથી, એથી વધારે (હોય છે). તોય ત્યાં સમ્યગ્દર્શન પ્રાપ્ત કરી શકે છે.

મુમુક્ષુ :— આવી અનુકૂળતા હોય એમાં સમ્યગ્દર્શન પ્રાપ્ત ન થાય તો પ્રતિકૂળતામાં કેવી રીતે?

પૂજ્ય ભાઈશ્રી :— પ્રતિકૂળતામાં એની રુચિ કામ કરે છે. અંદરમાં જ્ઞાન અને રાગને ભિન્ન પાડે છે.

મુમુક્ષુ :— પૂર્વ સંસ્કાર હશે?

પૂજ્ય ભાઈશ્રી :— પૂર્વ સંસ્કાર ખરા. પૂર્વ સંસ્કાર છે. ત્યાં તો બીજો ઉપદેશનો તો પ્રસંગ નથી. એટલે દેશના-

લબ્ધિ તો એ જીવને પ્રાપ્ત છે. પૂર્વ સંસ્કાર છે એ કેમ નક્કી થાય છે? કે ત્યાં એને વર્તમાન દેશનાલબ્ધિનું કોઈ નિમિત્ત નથી. કોઈ જ્ઞાની નથી, કોઈ મુનિ નથી, કોઈ ભગવાનનો અરિહંતનો યોગ નથી. અરિહંતનો, મુનિનો, જ્ઞાનીનો કે શા-સ્ત્રનો એકેય સંયોગ નથી. ચાર લબ્ધિમાં દેશનાલબ્ધિ તો આવે જ છે. તો દેશનાલબ્ધિ સંપ્રાપ્ત જીવ છે. ક્યાંક એણે જિજ્ઞાસામાં અને કાંઈક રુચિમાં આવીને સાંભળ્યું છે. ત્યારે એને રુચ્યું છે, અવ્યક્તપણે પણ રુચ્યું છે. પછી ભલે ઘણા પરિણામ બગડતા નારકીમાં ગયો હોય પણ જો એ સ્વરૂપની રુચિ ઉત્પન્ન થાય, ખરેખર એને દુઃખથી છૂટવું હોય તો એનો ઉપાય એને મળે છે.

ખરેખર તો ત્યાં શું થાય છે? એને અંતરમાં વળવાનું નિમિત્ત જ દુઃખ છે. શું છે? વેદના છે એ નારકીને સમ્યક્ત્વનું ગૌણપણે નિમિત્ત છે. મુખ્ય નિમિત્ત નથી એ, ગૌણ નિમિત્ત ગણવામાં આવે છે. કેમકે આયુષ્ય બહુ મોટા છે. ક્યાંય જાણે આયુષ્યનો છેડો જ આવતો નથી, એમ લાગે. એક એક ક્ષણ જવી જ્યાં આકરી લાગે ત્યાં તેત્રીસ સાગરનો દરિયો આયુષ્યનો પૂરો કેમ થાય? એટલે એને એમ થાય છે કે બસ! આ જ સ્વરૂપ છે જીવનું? આટલું દુઃખ વેઘા કરવું? એકલી પ્રચુર દુઃખની વેદના એ જ શું સ્વરૂપ છે? કે આથી કોઈ જુદું સ્વરૂપ છે? જ્યાં અંદરના અવલોકનમાં (આવે કે), સ્વરૂપ કાંઈ બીજું છે કે નહીં, (એમ જોવે) ત્યાં અંદર એકદમ હળવો થઈ જાય છે. અને એ દુઃખભાવથી ભિન્ન એને ત્યાં પણ જ્ઞાનના અને જ્ઞાનસ્વભાવના અને ભગવાનના દર્શન થાય છે. સાક્ષાત્ દર્શન ત્યાં થાય છે. એ જીવ અલ્પ કાળમાં અરિહંતદશાને પ્રાપ્ત કરે છે. નારકીમાંથી સીધો મનુષ્ય થાય, બીજી એને ગતિ હોય નહીં. બસ! ત્યાં તો ઘણો ફેરફાર થઈ ગયો. એ તો સાધન લઈને, આરાધના લઈને, સાધના લઈને આવેલો જીવ છે. મનુષ્યપણે તો ઘણી શક્તિ એની ત્યાં વ્યક્ત થઈ શકે છે. સર્વસંગપરિત્યાગ કરીને, મુનિદીક્ષા અંગીકાર કરીને એ પૂર્ણ શુદ્ધિને પ્રાપ્ત કરે છે.

કહે છે કે, અંતરનો માર્ગ છે એ કઠણ નથી પણ સહેલો છે, હળવો છે. સહેલો છે એમ નહીં, હળવો પણ છે. બહુ ભારે ભારે છે એમ નથી, હળવો છે. પણ કોઈ એમ કહે કે અમને નથી લાગતું અને તમને લાગે છે, આમાં આ શું પણ? અમને તો અઘરો અને ભારે લાગે છે. ભાઈ! એ તને જે કાંઈ બહિર્ભાવોનો અભ્યાસ થઈ ગયો છે તેથી તને બહા-રના, રાગના પરિણામ સહેલા અને સહજ લાગે છે. અને આ પ્રકારના પરિણામનો તેં અભ્યાસ કેળવ્યો નથી તેથી તને કઠણ અને અઘરો લાગે છે, બાકી ખરેખર છે નહીં. એ તો નીચે લેશે, પાછળ છે. '**માત્ર અણ-અભ્યાસથી કઠણ લાગે છે.**' દરેક કાર્ય અભ્યાસે સહેલું છે, અણ-અભ્યાસે અઘરું છે. આ પણ પ્રેક્ટિસ કરી કરીને સર્કસવાળા કેવા કામ કરે છે ! છાતી ઉપર હાથીને ઊભો રાખે! પ્રેક્ટિસનો વિષય છે. તમે જે વજનદાર ચીજને ધક્કો ન મારી શકો એને રમકડાની જેમ ઉપાડીને ફેંકે. પ્રેક્ટિસનો વિષય છે. જેમ પ્રેક્ટિસથી બધું સહેલુ છે, અભ્યાસ એટલે પ્રેક્ટિસનો અભ્યાસ, હોં! વાંચવ-ાનો અભ્યાસ કરી રાખે એ અભ્યાસની અહીંયાં વાત નથી કે વાંચ્યા કરે એટલે અભ્યાસ કર્યો. પ્રેક્ટિસનો અભ્યાસ છે. પ્રેક્ટિસ કહો કે પ્રયોગ કહો. માણસ નથી કહેતા? કે ભાઈ! ડૉક્ટરનું ભણ્યા પણ હવે થોડીક પ્રેક્ટિસ કરો. પછી તમને દવાખાનું માંડવા દઈએ. આ સરકારી કાયદો છે. વકીલાતનું ભણ્યો હોય, બી.એ., એલ.એલ.બી., એડવોકેટ સનન કરે પણ અમુક ટાઈમ સુધી એ પ્રેક્ટિસ ન કરે ત્યાં સુધી એને જજની પરીક્ષા પાસ કરવાનો અધિકાર નથી, ન્યાય તોળ-વાનો અધિકાર નથી. ન્યાય માગવો બીજી વાત છે અને ન્યાય તોળવો બીજી વાત છે. એમ છે. એ અનુભવજ્ઞાન છે. અભ્યાસ છે તે અનુભવજ્ઞાન છે. ભણતરનું જ્ઞાન તે અનુભવજ્ઞાન નથી પણ પ્રેક્ટિસનું જ્ઞાન તે અનુભવજ્ઞાન છે.

એમ હળવો છે અને સરળ છે. આંટીઘૂંટીવાળો નથી, બીજી કોઈ કડાકૂટ નથી. એકમાત્ર પોતાના સ્વરૂપને વિષે અંતર્મુખ થવું એટલી જ વાત છે અને તે અંતર્મુખ થવા અર્થે એણે રાગની આડશ પણ કાઢી નાખવાની જરૂર છે. વચમાં રાગની આડશ અને આડખીલી એ એને જરૂરી નથી. કહે છે કે એ સરળ છે અથવા અસરળતાથી એ વિરુદ્ધ છે. સરળ છે એટલે અસરળતાથી પણ એ વિરુદ્ધ એવો સરળ માર્ગ છે. સરળપણાથી મનુષ્યગતિ અને મનુષ્યગતિમાં સરળપણાથી મોક્ષમાર્ગની પ્રાપ્તિ. એટલું સરળપણું છે. એ માર્ગ સરળ છે, ચડાવ ઊતારવાળો નથી.

'**કઠણ તો જે થઈ શકે નહીં તે હોય.**' એમ કહે છે,

અશક્ય હોય એને કઠણ કહીએ. જેમ રેતીમાંથી તેલ નીકળવું કઠણ છે. કઠણ છે એટલે અશક્ય છે. એમ જડ પુદ્‌ગલ રજકણમાંથી સુખ મળવું કઠણ છે. અશક્ય છે, કઠણ છે એટલે અશક્ય છે. અને છતાં તું એનો પ્રયત્ન છોડતો નથી. જે કઠણ છે શું, કઠણ કરતાય અશક્ય છે એનો પ્રયત્ન જીવ છોડતો નથી અને જે શક્ય છે, સરળ છે અને સહેલું છે, એનો પ્રયત્ન કરતો નથી. આ અજ્ઞાનમાં આવી ઊંધાઈ થાય છે, એમ કહેવું છે.

**'કઠણ તો જે થઈ શકે નહીં તે હોય. લાખ પ્રયત્ન કરે છતાં પરમાણુ આત્માનો થાય નહીં.'** લાખ પ્રયત્ન કરે છતાં પરમાણુ આત્માનો થાય નહીં. એટલે સંયોગ ઉપર મમત્વ કરી કરીને મરી જાય તોપણ સંયોગમાંથી એક રજકણ આત્માનો થાય નહીં. અને સુખ માટે ગમે એટલી તીવ્રમાં તીવ્ર પરિણામની એની પરિસ્થિતિ આવે તોપણ એમાંથી એક અંશે સુખની પ્રાપ્તિ થાય નહીં. એને કઠણ કહેવાય.

**'એથી એ કઠણ કહેવાય પણ આત્માનો માર્ગ તો અંતરના પ્રયત્નથી પમાય છે.'** પોતાના સ્વરૂપના સ્વાધીન પ્રયત્નથી, સ્વવશ પ્રયત્નથી પોતાનો માર્ગ પમાય છે, તેમાં એને કોઈ બાહ્ય સંયોગ બાધા પહોંચાડી શકતા નથી. **'માટે તે જ થઈ શકે તેવું તેનું સરળ ને સહજ કાર્ય છે, માત્ર અણ-અભ્યાસથી કઠણ લાગે છે.'** વિશેષ લઈશું...

## તા. ૨૨-૧૦-૧૯૮૨, પરમાગમસાર બોલ-૮૩, પ્રવચન-૯

નીચે. **'લાખ પ્રયત્ન કરે છતાં પરમાણુ આત્માનો થાય નહીં,...'** શું વિષય છે? કે મોક્ષમાર્ગ, અંતર સન્મુખતાનો માર્ગ, અંતર્મુખતાનો માર્ગ બહુ કઠણ લાગે છે, એ વિષય છે. ઉત્તર એ આપ્યો છે કે એ કઠણ નથી પણ સહેલો છે, ઉપરાંત હળવો છે અને સરળ છે. આટલી વિશેષ વાત કરી છે. જેમ કોઈ સ્થાનથી પોતે દૂર છે ત્યારે એ એમ કહે છે કે મને તે સ્થાન દૂર લાગે છે. પોતે દૂર છે ત્યારે શું કહે છે? કે તે સ્થાન મારાથી દૂર છે.

એમ કઠણપણું ક્યારે લાગે છે એ વિચારીએ તો દૂરવર્તી પરિણામમાં કઠણપણું લાગે છે. મોક્ષનો માર્ગ અઘરો છે, દૂર છે, આત્મા ઘણો દૂર છે, આત્માની પ્રાપ્તિ ઘણી કઠણ છે એવું ક્યારે લાગે છે? કે જે આત્મિક પરિણામ છે, આત્મસ્વરૂપ પરિણામ છે તેનાથી વિરુદ્ધ જાતના ઘણા દૂરવર્તી પરિણામ, તેમાં સ્થિત જીવ હોય તો એ જીવને એ બધું એવું લાગે છે. આત્મા દૂર છે એમ નથી પણ પોતે પોતાના ભાવમાં દૂર થઈ ગયો છે. ખરેખર તો એમ છે.

આમ નથી કહેતાં? કે આપણે સંબંધ હતો પણ આપણે કેટલાક કારણોસર દૂર થઈ ગયા છીએ. દૂર થઈ ગયા છીએ એટલે કાંઈ ઘર બદલીને આઘે રહેવા ગયા છીએ એમ નથી. જ્યાં ને ત્યાં જ રહે છે, પાડોશમાં રહેતા હોય તોપણ ત્યાં ને ત્યાં જ રહે છે. પણ મળવા-હળવાનું અને ભાવમાં સ્નેહ-પ્રેમ છે એનો અભાવ (છે) એટલે દૂર થઈ ગયા એમ કહેવામાં આવે છે. એમ છે ને?

એવું જ આમાં છે કે પોતાના જ અનંત ગુણસ્વરૂપ જે ગુણની રુચિ, ગુણનો પ્રેમ, ગુણપ્રાપ્તિની જે ભાવના એથી જે વિરુદ્ધ પરિણામ છે તેને લઈને કઠણપણું લાગે છે, અઘરાપણું લાગે છે. આ કેમ થાય? ન થઈ શકે એવું લાગે છે.

'ગુરુદેવ' કહે છે કે એવું નથી, ખરેખર એમ નથી. અમે અમારા અનુભવથી તને ખાત્રી આપીને વાત કરીએ છીએ કે આ જે આત્મપ્રાપ્તિનો અંતરનો માર્ગ છે એ ખરેખર કઠણ નથી. તું ખાત્રી રાખ, તું વિશ્વાસ રાખ, ખરેખર કઠણ નથી. તેં માન્યું છે એમાં તારી ભૂલ છે. એવું માનવાથી તને લાભ નથી, એવું માનવાથી તને નુકશાન છે. કેમકે તું કઠણ માનીને એનાથી દૂર રહીશ. કઠણ માનતા એની પ્રાપ્તિના ઉપાયમાં અને પ્રયત્નમાં તું નહીં લાગે. તેથી એ રીતે માર્ગ કઠણ છે એવો સ્વીકાર ન કરવો. માર્ગના વિષયમાં એવો સ્વીકાર ન કરવો. કહેવાનો એ મુખ્ય હેતુ છે.

તેની સામે કહે છે કે, જીવ પર પદાર્થમાં મમત્વ કરે છે. શરીર અને શરીરની સાથે સંબંધિત એવા જે અન્ય પદાર્થો-

સચેત, અચેત, સચેત-અચેતમિશ્ર તેની સાથે મમત્વ કરે છે. લાખ પ્રયત્ન કરે તોપણ એક પરમાણુ આત્માનો ન થાય. લાખ પ્રયત્ન કરે, કરોડ પ્રયત્ન કરે. અનંત કાળથી અનંત પ્રયત્ન કરે છે પણ તેથી કાંઈ પરમાણુ આત્મારૂપ થાય કે આત્મા પરમાણુરૂપ થાય, એવું કદી બનતું નથી. '**એથી એ કઠણ કહેવાય...**' અર્થાત્ અશક્ય કહેવાય.

'**પણ આત્માનો માર્ગ તો અંતરના પ્રયત્નથી પમાય છે.**' જે અંતર્મુખનો માર્ગ છે એ પુરુષાર્થસાધ્ય છે. પુરુષાર્થ દ્વારા તેની સિદ્ધિ થઈ શકે છે. અનંતાએ કરી છે, તારા જેવા અનંત આત્માઓએ તે પુરુષાર્થથી સિદ્ધિ કરી છે. એ કોઈ અશક્ય નથી. જે આત્માઓએ સાધ્યની સિદ્ધિ કરી છે તે આત્માઓ તારા જેવા જ છે. બીજા આ કરી શકે અને તું ન કરી શકે એ વાત કાંઈ માનવા જેવી નથી. બહારમાં પણ જે કાર્યો બીજા કરે છે તેમાં તું એમ વિચારે છે કે જો બીજા કરી શકે છે તો આપણે શા માટે ન કરી શકીએ? આમ વિચારે છે કે નહીં?

'**આત્માનો માર્ગ તો અંતરના પ્રયત્નથી પમાય છે.**' પ્રશ્ન એ કરે છે કે અનાદિનું અજ્ઞાન છે. અનાદિથી આત્માને જાણ્યો નથી, અનાદિથી આત્માનું સુખ જોયું નથી, અનાદિથી પરપદાર્થનું સુખ માન્યું છે, જાણ્યું છે, અનુભવ્યું છે તો પછી આત્માને કેવી રીતે જાણી શકાય? એવી અજ્ઞાનદશામાં રહ્યા છીએ એને કેવી રીતે જાણી શકાય? પણ ભાઈ! એ અજ્ઞાનદશા એ કાંઈ ધ્રુવ ચીજ નથી, એ તો પલટતી ચીજ છે. તું અજ્ઞાનદશામાં અનાદિથી છો પણ અનાદિથી એમ જ રહેવાનો છો અને અનાદિથી એમ જ રહેવા લાયક છો, એવું ક્યાં માની બેસે છો? અજ્ઞાનદશા તો ક્ષણે ક્ષણે, સમયે સમયે પલટાય છે, પલટીને જ્ઞાનદશા થઈ શકે છે અને તે દશા પ્રયત્નસાધ્ય છે. પછી ન થવાનો પ્રશ્ન નથી. કેમ થાય? કઈ રીતે થાય? જો તને એની જરૂરિયાત દેખાય, જરૂરત લાગે તો પ્રયત્ન કર્યા વિના રહે નહીં. સવાલ એટલો છે કે જરૂર છે કે નહીં?

કાલે નહોતો દૃષ્ટાંત લીધો ? કે કેન્સર થયા પછી બીડી પીએ છે. ગળાનું કેન્સર થયું હોય. તો એને કેન્સર મટાડવાની જરૂરીયાત નથી, એને તે વખતે બીડી પીવાની જરૂરીયાત છે. એ દૃષ્ટાંતમાંથી એમ નીકળે છે કે મને તો આ જરૂર છે, અત્યારે મારી આ જરૂરીયાત છે. ભલે મૃત્યુ આવવું હોય તો આવે. એ સ્વીકારે છે. પાંચમની છઠ ન થાય એનો અર્થ કે એ ત્યાં સ્વીકારે છે. ત્યાં વર્તમાન એને જે જોઈએ છે એની જરૂરીયાત ઉપર એનું વજન જાય છે ત્યારે મૃત્યુ સુદ્ધા ઉપર એનું વજન રહેતું નથી. આ તો પ્રત્યક્ષ નજરે જોયેલી ચીજ છે. એવું છે કે દર્દીને એમ કહે કે તું આટલી પરેજ પાળ અને એ ન પાળે તો એનો અર્થ જ એ છે કે એને રોગ મટાડવો નથી. રોગ મટાડવો હોય તો એ પરેજ પાળ્યા વિના રહે નહીં. સીધી સીધી વાત છે.

એવું જ છે આની અંદર કે ભવરોગ મટાડવો હોય અને એને શુદ્ધાત્માની પ્રાપ્તિ કરવી હોય તો શ્રીગુરુ કહે છે એ પ્રમાણે એ વર્ત્યા વિના રહે નહીં. એમ છે. લીધું છે ને? 'ઔષધ વિચાર ધ્યાન', 'ગુરુઆજ્ઞા સમ પથ્ય નહીં'. એને પથ્ય આપે છે. ગુરુઆજ્ઞા છે એ પરેજ છે, એ પથ્ય છે. એના સમાન બીજું કોઈ આ વિશ્વની અંદર પથ્ય નથી. 'ગુરુઆજ્ઞા સમ પથ્ય નહીં, ઔષધ વિચાર ધ્યાન.' અંતરંગ વિચારણા અને અંતર સન્મુખની એકાગ્રતા, એ ભવરોગ ટાળવાનું ઔષધ છે. માત્ર ઔષધ લે અને પરેજ ન પાળે, એ તો ન્હાતા ન્હાતા ભલે પાંચ બાલદી ભરીને ન્હાય પણ ખાબોચીયામાંથી એંઠવાડ ને ગંદકીનો એક જ ચમચો ભરીને માથે રેડે, ચમચી લે, લ્યો ને ચમચો ન લે, પણ આ બે બાલદીથી ન્હાયો છું ને! પણ બે બાલદીથી ન્હાયો પછી આ ચમચો નાખ્યો એનું શું? એ બે બાલદીનું બધું નકામું ગયું. એમ છે. આટલો બધો સ્વાધ્યાય કર્યો, આટલા આટલા તપ કર્યા, આટલુ આટલુ વાંચ્યું-વિચાર્યું પણ પથ્ય પાળ્યું નહીં. તો એણે અપથ્યને સેવ્યું છે. પથ્ય પાળ્યું નહીં તો એણે અપથ્યને સેવ્યું છે.

કહે છે કે એથી પર પદાર્થની પ્રાપ્તિ અને પર પદાર્થમાંથી સુખની પ્રાપ્તિ, એને કઠણ કહેવાય પણ '**આત્માનો માર્ગ તો અંતરના પ્રયત્નથી પમાય છે.**' એ પ્રયત્નસાધ્ય છે. '**માટે તે જ થઈ શકે તેવું તેનું સરળ ને સહજ કાર્ય છે,...**' જેમાં બાહ્ય સાધનોની અપેક્ષા નથી, જેમાં રાગની અપેક્ષા નથી, નિમિત્તની અપેક્ષા નથી. જીવનું પોતાનું સ્વકાર્ય પોતાને સ્વવશ છે, પોતાને આધીન છે. એવા કાર્યને આથી વધારે સરળતા બીજી શું જોઈએ? એવું પણ નથી કે આટલા

પૈસા ખર્ચે એને અંદર પ્રવેશ કરવાની ટિકિટ મળે, પ્રવેશપત્ર મળે, એવું પણ નથી. કોઈ બાહ્ય સાધનની જરૂર નથી.

આત્માના જે પરિણામ બહિર્મુખ થઈ રહ્યા છે, સત્ય સ્વરૂપનું જ્ઞાન કરીને તે જ પરિણામ અંતર્મુખ વાળે એમાં કોઈ પરાધીનતા નથી. જીવને એમાં કોઈ પરાધીનતા નથી કે એ ન કરી શકે. કે એને એના માટે કોઈ કિંમત ચૂકવવી પડે છે, એવું કાંઈ છે નહીં. કિંમત એટલી જરૂર ચૂકવવી પડે છે કે અનાદિનું એનું જે મમત્વ છે અને જે મમતાને વશ એણે પોતાની સૃષ્ટિ ઊભી કરી છે કે આટલું આટલું મારું છે, આ બધા મારા છે. આ શરીર મારું, આ કુટુંબ-પરિવાર મારો, આ સમાજ મારો અને આટલા આટલા સંયોગોવાળો તે હું, એવા મમત્વનું આખું પોટલું છોડી દેવું પડે એમ છે. જ્યાં એણે સર્વસ્વ માન્યું છે એ સર્વસ્વનો એને ત્યાગ કરવો પડે એમ છે. એ રીતે જોતાં એને પૂરી કિંમત ચૂકવવી પડે એવું છે, સર્વસ્વનો ત્યાગ એની અંદર છે. કેમકે એણે ત્યાં સર્વસ્વ માનેલું છે. એ સર્વસ્વ તો છોડવું જ પડે એવું છે. પરિણ-ામથી, હોં !

સંયોગ તો મમત્વને લઈને ચોંટેલા છે, મમત્વ ન હોય તો ભગવાનનું સમવસરણ દૈવી વૈભવથી યુક્ત છે. કુબેર રચના કરે છે ત્યારે એને પોતાને આશ્ચર્ય થાય છે કે, અરે..! આવું તો ઈન્દ્રએ આજ્ઞા કરી હોત તોપણ હું ન કરી શક્યો હોત કે તું આવું સારું બનાવજે. એમ કહ્યું કે તું આવું આવું વર્ણન કર. આજ્ઞા તો ઈન્દ્ર જ કરે છે પણ એની પોતાની ગણતરી બહાર, એની પોતાની ધારણા બહાર એ રચના થાય છે (એનું) એને પોતાને આશ્ચર્ય થાય છે. એટલા ભગ-વાનના પુણ્ય છે પણ ભગવાનને મમત્વ એક અંશ નથી. એથી એ સમવસરણના વૈભવનો પરિગ્રહ ભગવાનને લાગુ પડતો નથી. કહેવાય કે આ 'સીમંધર' ભગવાનનું સમવસરણ છે, આ 'મહાવીર' ભગવાનનું સમવસરણ છે, એમ એમના નામે બોલાય (પણ ખરેખર) એમનું કાંઈ છે નહીં. જરાય મમત્વ નથી.

કહે છે કે, એ '**અંતરના પ્રયત્નથી પમાય છે. માટે તે જ થઈ શકે તેવું તેનું સરળ ને સહજ કાર્ય છે,...**' તે જ થઈ શકે એવું (સરળ કાર્ય છે). પરપદાર્થ પોતાનો ન થઈ શકે એવું અઘરું કાર્ય છે અને આત્મા પોતાનો સ્વાનુભવ કરે તે થઈ શકે તેવું સરળ કાર્ય છે અને સહજ કાર્ય છે. એવો એનો સ્વભાવ છે. સહજ એટલા માટે લીધો છે કે પોતાને પોતાનો અનુભવ કરવો અથવા જ્ઞાનનું સ્વસંવેદનરૂપ રહેવું, જે સ્વસંવેદનમાં સ્વાનુભવ કરવામાં આવે છે, એ સ્થિતિએ જ્ઞાનનું રહેવું તે જ્ઞાનનો સહજ સ્વભાવ છે, એવો જ એનો સ્વભાવ છે. પરના વેદનમાં જવાનો એનો સ્વભાવ નથી, એ તો એનો વિભાવ છે. એ વિભાવ છે તે સ્વભાવ ઉપરનો એક બળાત્કાર છે કે જેને લઈને એમાં આકુળતા ઊભી થાય છે, દુઃખ થાય છે. એ બળાત્ બીજામાં જાય છે. જોરથી, ઊંધું જોર કરીને બીજામાં જાય છે એટલે એને દુઃખ થાય છે, આકુળતા થઈ આવે છે. એ એનું સહજ સ્વરૂપ નથી. પણ પોતાના નિરાકુળ સ્વસંવેદનમાં રહેવું એ એનું સહજ સ્વરૂપ છે. એ સહજ કાર્ય છે, એ સરળ છે. એમાં કોઈ નડતર થઈ શકે એવી કોઈ પર પદાર્થની શક્તિ નથી કે કોઈ પદાર્થની તાકાત નથી. કોઈ પદાર્થની પર્યાયની એવી શક્તિ નથી કે પોતાના કાર્યમાં એ આડખીલી ઊભી કરી શકે. એથી તે સરળ છે. પણ કઠણ લાગે છે એનું કારણ બતાવે છે.

કઠણ તને લાગે છે તેનું કારણ ફક્ત, માત્ર એટલે ફક્ત થોડું નાનું એવું આટલું છે કે '**અણ-અભ્યાસથી કઠણ લાગે છે.**' થોડો જે એ વિષયક અભ્યાસ હોવો જોઈએ, અંતર્મુખ થવાનો તારો પ્રયત્ન હોવો જોઈએ તે પ્રયત્નનો અભ્યાસ નથી. તેથી તને અંતર્મુખ થવાનો પ્રયત્ન કરવો એ વારંવાર પ્રયત્નનો અભ્યાસ નથી, પ્રયત્ન કરવા માટેનો અભ્યાસ નથી એથી પ્રયત્નની સફળતા પણ નથી.

જે કાર્ય કરવું હોય અથવા કરવા ધાર્યું હોય, કરવાનો નિશ્ચય હોય કે આ કરવું જ છે, કોઈ પણ ભોગે કરવું છે, કોઈ પણ હિસાબે કરવું છે તો એને લગતો પુરુષાર્થ ઉત્પન્ન થયા વિના રહે નહીં. પુરુષાર્થ એટલે એનું પરિણામમાં જોર. એ બાજુનું જોર આવ્યા વિના રહે નહીં. એ બાજુનું જોર નથી આવતું કેમકે તારું જોર ઊંધું કામ કરે છે, ઊંધા જોરમાં રાગના જોરનો તને અભ્યાસ છે. એ ઊંધો અભ્યાસ છે તેથી તને કઠણ લાગે છે. આમ છે.

મુમુક્ષુ :— આકરો ઉદય હોય તોપણ થઈ જાય?

પૂજ્ય ભાઈશ્રી :— ઉદયની કોઈ શક્તિ નથી. કર્મના પરમાણુમાં ઉદયમાં કોઈ એવી શક્તિ નથી કે અંતર્મુખ

થતાં આત્માના પુરુષાર્થ સંયુક્ત પરિણામને મારીમચડીને પરસન્મુખ કરે. એવી કોઈ એનામાં શક્તિ નથી.

દ્રવ્યાનુયોગમાં પદાર્થની ભિન્નતા જ એટલા માટે પ્રથમ સ્થાપી છે. જ્યારે એ કર્મના પરમાણુ આત્માથી ભિન્ન છે તો એ કર્મના પરમાણુમાં જે પ્રકૃત્તિનો રસવિપાક આવે છે, એ પરમાણુમાં આવે છે અને જીવમાં આવતો નથી. એ કર્મનો ઉદય કર્મમાં આવે છે અને કર્મનો ઉદય જીવમાં આવતો નથી. જડ કર્મનો ઉદય જડ કર્મની સીમામાં છે, મર્યાદામાં છે અને એનો ઉદય આત્માના પરિણામમાં નથી. તો આત્માના પરિણામને એ વાળે, એની દિશાફેર કરે એવું કેમ બને? કે એવું બની શકતું નથી.

**'માત્ર અણ-અભ્યાસથી કઠણ લાગે છે.'** પુરુષાર્થનો જે અભ્યાસ થવો જોઈએ અથવા જે અભિન્નતા, મિથ્યાત્વની ગ્રંથી-ગાંઠ પડી રહી છે તેને ભેદજ્ઞાનથી-છૂટા પડવાના અભ્યાસથી ખોલવી જોઈએ. એ ભેદજ્ઞાનનો જીવ અભ્યાસ કરતો નથી તેથી તે કઠણ લાગે છે. ભેદજ્ઞાનના અભ્યાસે ચડેલા જીવને ભેદજ્ઞાનની સફળતા થઈને ભલે હજી સ્વાનુભવ ન થયો હોય, પણ પુરુષાર્થે ચડ્યો હોય તોપણ એને પોતાનું કાર્ય અઘરું નથી લાગતું. કેમકે એ પુરુષાર્થમાં, પુરુષાર્થનો જેણે આરંભ કર્યો છે, પુરુષાર્થની જેણે શરૂઆત કરી છે એના પરિણામ દૂરવર્તી નથી, નજીકવર્તી પરિણામ છે. એટલે એને એ અઘરું કે કઠણ નથી લાગતું.

અઘરું તેને લાગે છે કે ઊંધા પુરુષાર્થમાં જેનો વેગ ચાલે છે, એને આ બધું અઘરું લાગે છે. અથવા રાગની રુચિમાં એને વીતરાગતા પ્રાપ્ત કરવી અઘરી લાગે છે. કેમકે રાગની રુચિમાં રાગની ઘણી તન્મયતા ઊભી થાય છે. તેને લઈને તે અઘરું લાગે છે, પણ ખરેખર અઘરું છે નહીં. એ ૮૩ બોલ (પૂરો) થયો. (૨૨:૧૦ મિનિટ સુધી)

## કરુણાસાગર 'પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ'ની ૮૭મી જન્મ જયંતી પ્રસંગે ધાર્મિક કાર્યક્રમ

મુમુક્ષુજીવોના પરમ તારણહાર 'પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ'ની આગામી ૮૭મી જન્મ જયંતી માગશર સુદ-૪, તા. ૩૦-૧૧-૧૯ થી માગશર સુદ-૮, તા. ૪-૧૨-૧૯ પર્યંત અત્યંત આનંદોલ્લાસપૂર્વક ઉજવવામાં આવશે. આ પ્રસંગે મંડલ વિધાન પૂજન, પૂજ્ય ભાઈશ્રીનાં ઑડિયો તથા વિડીયો સી.ડી. પ્રવચન, પૂજ્ય ગુરુદેવશ્રીનાં વિડીયો સી.ડી. પ્રવચન, પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની વિડીયો સી.ડી. તત્ત્વચર્ચા, ભક્તિ, સત્સંગ, સાંસ્કૃતિક કાર્યક્રમ રાખવામાં આવશે. તથા તા. ૩-૧૨-૧૯ના દિવસે જિનેન્દ્ર રથયાત્રાનો કાર્યક્રમ રાખવામાં આવશે. આ પ્રસંગે આવનાર મુમુક્ષુએ ટ્રસ્ટના કાર્યાલયમાં અગાઉથી સૂચના આપવા વિનંતી છે જેથી તેમના આવાસ તથા ભોજનની સમુચિત વ્યવસ્થા થઈ શકે.

કાર્યક્રમ સ્થળ : 'શ્રી શશીપ્રભુ સાધના-સ્મૃતિ મંદિર' પ્લોટ નં. ૧૯૪૨બી, શશીપ્રભુ ચોક, રૂપાણી સર્કલ પાસે, ભાવનગર-૩૬૪૦૦૧

સંપર્ક : શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ, ૫૮૦, જૂની માણેકવાડી, પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી માર્ગ, ભાવનગર-૩૬૪૦૦૧.

**ટ્રસ્ટના 'સ્વાનુભૂતિપ્રકાશ'ના આ ગુજરાતી અંક (ઓક્ટોબર-૨૦૧૯)નું શુલ્ક રસીલાબેન બક્ષી, હ. શ્રીમતી શૈલાબહેન તથા ધર્માલીબેન, ભાવનગર તરફથી સાભાર પ્રાપ્ત થયું છે.**

**જેના કારણે આ અંક બધા પાઠકોને મોકલવામાં આવ્યો છે.**

# પૂજ્ય બહેનશ્રીની વીડિયો તત્ત્વચર્ચા મંગલ વાણી-સીડી-૪ (A)



પ્રશ્ન :— એ જ્ઞાનીની અવસ્થામાં પ્રવેશ કરવાનું દ્વાર છે.

ઉત્તર :— કોઈપણ કાર્યમાં? વધારે પડતી પ્રવૃત્તિમાં જોડાવાનું ઓછું કરજો એમ કહે છે. પછી એમાં શોક લીધો છે?

પ્રશ્ન :— માતાજી! એમાં એમ લીધું છે કોઈપણ કામના પ્રસંગમાં વધારે શોચમાં પડવાનું, વધારે શોચમાં એટલે વધારે વિચાર કરવામાં અથવા વધારે ચિંતામાં...

ઉત્તર :— શોચ.. શોચ? ઠીક.

પ્રશ્ન :— શોચમાં પડવાનો અભ્યાસ ઓછો રાખજે. એમ કરવું અથવા થવું એ જ્ઞાની અવસ્થામાં પ્રવેશ કરવાનું દ્વાર છે.

ઉત્તર :— જ્ઞાનીની અવસ્થામાં? કોઈપણ પ્રસંગની અંદર વધારે કોઈ કાર્યમાં શોચ એટલે એના વિચારો કર્યા કરવા. વધારે પડતા વિચાર કરવાથી એમાં એવી એકત્વબુદ્ધિથી વિચાર કરવાથી નુકસાન થશે એમ કહે છે. વધારે પડતી પ્રવૃત્તિ અને વધારે પડતા વિચારો કરવાથી તને એમાંથી અંદર જે જાવું આત્મા ન્યારો છે, જ્ઞાયક છે, કોઈપણ વિકલ્પ આત્માનું સ્વરૂપ નથી એ તારે જાણવું છે તો તને એમાં નુકસાન થાશે. બહુ પ્રવૃત્તિનો રસ લાગી જાશે તો. એમ કહે છે. બહુ પ્રવૃત્તિના રસ, વિચારમાં... પ્રયોજનભૂત હોય તે ઠીક છે, અપ્રયોજનભૂતમાં વધારે વિચારો કોઈ પ્રવૃત્તિના વધારે પડતા વિચારો કરવા એ તો અંદરમાં (અવરોધરૂપ થશે). મુમુક્ષુ હોય એને કેમ મારા આત્માનું થાય એમ હોવું જોઈએ.

પ્રશ્ન :— બહારની વાત છે. બહારના પ્રસંગોની વાત છે. કોઈપણ કામના પ્રસંગમાં..

ઉત્તર :— કોઈ ગમે ઈ કામના પ્રસંગમાં, બહારના પ્રસંગોના બહુ વિચારો કરવાથી, એનો શોચ કરવો, એના વિચારો બહુ કરવાથી એમાં રોકાઈ જવાનું કારણ થાશે અને તારા આત્માના વિચારો એમાં અટકી જાશે એમ કહે છે. આત્માના વિચારો અટકવાનું કારણ થાશે, બહારના કાર્યોમાં રોકાવાથી. એમ. નિષ્પ્રયોજન એના વિચારો કરવાથી. એના બહારના ને બહારના કાર્યો. આનું આમ કરવું, તેમ કરવું એ બધા. બધા લૌકિક કાર્યોની અંદર બહુ વિચારો કરવા એ તારા આત્માના વિચારોમાં નુકસાનનું કારણ થાશે. એનો બહુ રસ લાગશે તો.

પ્રશ્ન :— આત્મા સંબંધીના વિચારોમાં વધારે વિચાર કરવાથી, વધારે ચિંતા કરવાથી એવું કાંઈ કહેવા માગતા નથી.

ઉત્તર :— એવું નથી.

પ્રશ્ન :— અહીંયાં તો ખાસ બહારની જ વાત છે?

ઉત્તર :— હા. બહારની વાત છે. આત્મા સંબંધી વધારે વિચારો કરવા એવું નથી આમાં.

આત્માનો નિર્ણય કરવા માટે વિચારો (આવે), જે શ્રુતથી નક્કી કરવાના વિચારો આવે એ તો એક નિર્ણય દૃઢ થવાનું કારણ થાય છે. અંદર હજી કાંઈ પ્રગટ થયું નથી. વધારે વિચાર કરીને તત્ત્વ નિર્ણય થાવાનું કારણ થાશે. એ તો તત્ત્વ નિર્ણય થાય. બાકી વધારે પડતા જે આત્મા સંબંધી, જેમાં આત્માનો લાભ થાય એવા વિચારો. બાકી નિષ્પ્રયોજન તર્કો અને કુતર્કો (કરીને) એમાં રોકાવું (એ બરાબર નથી). એમાં

હેતુ આત્માનો હોવો જોઈએ. હેતુ માત્ર જાણવા ખાતર કે આપણે આ જાણી લઉં, ભણી લઉં, એના તર્ક ને કુતર્કો ને એવી જાતનું કર્યા કરે તો એ તો કાંઈ લાભનું કારણ થાય નહિ. આત્મા માટે થવું જોઈએ. આનો આમ અર્થ થાય છે... આનો આમ અર્થ થાય છે... આનો આ અર્થ થાય છે એમ પાછો તર્ક (કર્યા કરે) અને જે સમ્યક્ જે આત્માને લાગુ પડે, સ્વભાવને લાગુ પડે (એમ હોવું જોઈએ). કુતર્કો કરવા એ કાંઈ આત્માને એવી રીતે લાભનું કારણ થાતું નથી. એમ.

પ્રશ્ન :— આત્માના યથાર્થ નિર્ણય માટે ગમે તેટલો વિચાર કરવો પડે તે તો આત્માના નિર્ણય...

ઉત્તર :— એ આત્માના નિર્ણય માટે છે. ગમે તેટલો વિચાર કરે. એનું અંદર મંથન કર્યા કરે, પોતાને બેસે નહિ ત્યાં સુધી. મને આ આત્માનું સ્વરૂપ કેમ બેસે? એના દ્રવ્યનું, ગુણનું, પર્યાયનું ભલે ગમે તેટલી વિચાર કરે નિર્ણય કરવા માટે. આત્માનું પ્રયોજન સાધવા માટે, જ્યાં સુધી નક્કી ન થાય ત્યાં સુધી પાછળ પડી પડીને વિચાર કરી અને એનો છેડો લાવે. ગમે એટલો ટાઈમ લાગે. ઈ નુક્સાનનું કારણ થાતું નથી. કારણ કે એ આત્મા માટે છે. પણ જ્ઞાન ખાતર જ્ઞાન મેળવવું. એનો હેતુ આત્માનો નથી. આપણે કાંઈક જાણીએ છીએ. અનેક તર્કો અને કુતર્કો (કરીને) એમ રોકાવું એ કાંઈ આત્મા માટે નથી. એ જ્ઞાન કરી લેવા ખાતર છે.

પ્રશ્ન :— દરેકની પાછળ પ્રયોજન આત્મા હોવું જોઈએ.

ઉત્તર :— આત્માનું હોવું જોઈએ. આત્મા જુદો છે, આત્મા ન્યારો છે. એવી પરિણતિ પ્રગટ થતી ન હોય ત્યાં સુધી શાસ્ત્રના વિચારોમાં રોકાય, શાસ્ત્ર સ્વાધ્યાયમાં રોકાય એ એક જુદી વાત છે. અંદર આગળ જઈ શકાતું નથી એટલે દેવમાં, ગુરુમાં, શાસ્ત્રમાં બધે રોકાતો હોય. કારણ કે જિજ્ઞાસા આત્માની છે પણ અંદર પુરુષાર્થ એટલો થઈ નથી શકતો તો શ્રુતના વિચારોમાં રોકાય તો એમ નુક્સાનનું કારણ નથી. શાસ્ત્ર સ્વાધ્યાયમાં એના વિચારો કરે, પ્રશ્નો કરે, એના ઉત્તર કરે એમ બધું કરે તો એમાં નુક્સાન નથી. પણ જ્ઞાન ખાતર જ્ઞાન કરી લેવું અને તર્કો, કુતર્કો ખોટી રીતે કરવા તો એ કાંઈ લાભનું કારણ થાતું નથી.

પ્રશ્ન :— શોચ કરવાનો ઓછો અભ્યાસ કરજે. કારણ કે એ જ્ઞાનીની અવસ્થામાં પ્રવેશ કરવાનું દ્વાર છે. એટલે કે ઓછો શોચ કરતા જ્ઞાનીની અવસ્થામાં પ્રવેશ કરવાનું દ્વાર છે એમ છે.

ઉત્તર :— પ્રવેશ કરવાનું દ્વાર એટલે કે તું બહારના વિચારોમાં એવી પ્રવૃત્તિઓ જો તું વધારે પડતી નિષ્પ્રયોજન બધી લૌકિક પ્રવૃત્તિ અને લૌકિક વિચારોમાં રોકાય તો તને એ... શું જ્ઞાનીની અવસ્થામાં?

પ્રશ્ન :— પ્રવેશ કરવાનું દ્વાર છે.

ઉત્તર :— જ્ઞાનીની અવસ્થામાં પ્રવેશ કરવાનું દ્વાર એટલે રોકવાનું દ્વાર એમ કહે છે કે પ્રવેશ કરવાનું?

પ્રશ્ન :— ના. પ્રવેશ કરવાનું દ્વાર છે. એટલે શોચ તું ઓછો કરજે. એ પ્રવેશ કરવાનું દ્વાર છે.

ઉત્તર :— હા. શોચ ઓછો કરજે. એવા વિચારો તું ઓછા કરજે. એવા વિચાર. કારણ કે એ બધી પ્રવૃત્તિઓમાં તું રોકાઈશ તો તારા આત્માનું ક્યારે (કરીશે)? જ્ઞાનની દશા ત્યારે તું અંતરથી ક્યારે પ્રગટ કરીશ? એવી બધી પ્રવૃત્તિઓ તો સંસારમાં આવ્યા જ કરશે. તું પછી તારા આત્માનું ક્યારે કરીશ?

આ મનુષ્ય જીવન આમ ને આમ ચાલ્યું જાય છે. એવા લૌકિક બધા વ્યવહારો, વધારે પડતી જંજાળો, કો'ક વ્યવહકો રાખવા આ રાખવું, તે રાખવું (એ ઓછું કરી નાખજે). એ તો 'શ્રીમદ્'માં આવે છે ને. અલ્પ આવકારી થજે, અલ્પ ભાષણ કરજે, અલ્પ આ કરજે એ બધું આવે છે. એમ કે અલ્પ તારા વ્યવહાર બધા લૌકિકના ટૂંકા કરજે. તો તને આત્માનો કાંઈક વિચાર કરવાનો અવકાશ મળશે. એ બધા શોચ. બહારની મોટાઈ લેવાના, લૌકિકમાં મોટું થવાનું, બહારના બધા નિષ્પ્રયોજન બધાને ચારે કોર એવા બધા માખણ ચોપડીને મોટા થાવાનું એવું બધું કરવાથી તારા આત્માનું ક્યારે થાશે પછી? એમ. એવા બધા વિચારો બધા લૌકિકના ઓછા કરજે તો તને આ મનુષ્યજીવન ચાલ્યું જાય છે, તારા આત્માનો ટાઈમ ક્યારે મળશે તને? આ જ્ઞાનદશા પ્રગટ કરવાનો. એમ.

બહુ બહારના વ્યવહારો અને બધા લૌકિક બધું મોટું કરી મૂક્યું હોય તો તારા આત્માનો ટાઈમ ક્યારે મળશે તને? એને ટૂંકું કરી નાખજે. બધું ઘણું હોય છે ને. વેપારો મોટા કરી

નાખે, બધા દીકરા ને દીકરી ને આને તે બધું બહુ જંજાળ વધારે અને એમાં ને એમાં રહીશ તો તારા આત્માનું ક્યારે કરીશ? તને ક્યારે એ ટાઈમ મળશે?

પ્રશ્ન :— બીજે એક ઠેકાણે 'શ્રીમદ્જી'એ લખ્યું છે કે દશ્યને અદશ્ય કર્યું અને અદશ્યને દશ્ય કર્યું એવો જ્ઞાનીપુરુષોનો આશ્ચર્યકારક અનંત ઐશ્વર્ય વીર્ય કહી શકવું યોગ્ય નથી.

ઉત્તર :— દશ્યને અદશ્ય કર્યું. આ જે બધું દેખાય છે એ અદશ્ય કરી નાખ્યું. અદશ્યને દશ્ય કર્યું. જે દેખાતું નથી પણ અંદર શક્તિમાં છે. અને આ બધું જે સ્થૂળ આંખેથી દેખાય રહ્યું છે એ બધાને અદશ્ય કરી નાખ્યું. એટલે કે એના ઉપરથી સમેટી લીધું. ઉપયોગ જાય છે એને દષ્ટિને અંતરમાં કરી. બહારની દષ્ટિને ઉઠાવી લીધી. અને અંદર જે અદશ્ય દેખાતું નથી કે આત્મા શું છે? એની શક્તિ શું છે? એ દેખાતું નથી. એને પોતે દશ્ય કર્યું કે આ હું જ્ઞાયક જ છું. આ રહ્યો હું જ્ઞાયક છું. આ જ્ઞાયકની અંદર આ પરદ્રવ્ય નથી, આ વિભાવ નથી, મારા જ્ઞાયકની અંદર કાંઈ નથી. હું તો એનાથી દૂર છું. આ જે દેખાય છે એ બધું મારા સ્વરૂપમાં, મારા અંતરમાં નથી. એકત્વબુદ્ધિથી માનેલું છે. બધું જુદું છે. મારાથી જ્ઞેય જુદું, હું જ્ઞાયક જુદો છું. આ દશ્ય દેખાય એને પોતાથી જુદું કર્યું. એને અદશ્ય કર્યું. એ કાંઈ મારું સ્વરૂપ નથી. હું એનાથી જુદો છું. જે અદશ્ય આત્મા દેખાતો નથી એને દશ્યમાન કર્યો કે આ આત્મા આ રહ્યો હું. એ આત્માને પ્રગટ કર્યો, આત્માની સ્વાનુભૂતિ કરી. એ જ્ઞાનીનું ઐશ્વર્ય આશ્ચર્યકારી છે. એમ લીધું છે ને? એ એણે કોઈ અપૂર્વ પુરુષાર્થ કરીને અંદરથી પ્રગટ કર્યું તે ખરેખર આશ્ચર્યકારી છે એમ કહે છે. દશ્યને અદશ્ય કર્યું અને અદશ્યને દશ્ય કર્યું.

ઓલું આવે છે ને? જગતના જીવો જ્યાં જાગી રહ્યા છે ત્યાં મુનિ સૂઈ રહ્યા છે અને મુનિ જ્યાં જાગે છે, જ્યાં મુનિ જાગે છે ત્યાં આ બધા સૂઈ રહ્યા છે. એવું આ છે. દશ્યને અદશ્ય કર્યું. આ દેખાય એ બધું નથી, આ બધું મારામાં નથી. એ એનામાં છે, હું મારામાં છું. જે જ્ઞાયક દેખાતો નથી જ્ઞાયકને પ્રગટ કર્યો. એને અંતરમાં ઊંડાણમાં જઈને એની સ્વાનુભૂતિ કરી, એના તળમાં જઈને. આ વિકલ્પથી છૂટો પડી અંદરથી ભેદજ્ઞાન કરી, ભેદજ્ઞાનની ધારા પ્રગટ કરી અંદર સ્વાનુભૂતિને પ્રગટ કરી. નિર્વિકલ્પદશાની અંદર સ્વાનુભૂતિ જે આત્માની એને પ્રગટ કરી. જે અદશ્ય હતું. જે અનંત કાળનું દુર્લભ હતું એને પ્રગટ કર્યું. અદશ્યને દશ્ય કર્યું. પોતે તો દશ્યમાન છે પણ પોતે ભૂલી ગયો છે. એને સ્વાનુભૂતિમાં પ્રગટ કર્યો. એને દશ્યમાન કર્યો આ બધાને જુદું કર્યું. એ એનું કોઈ ઐશ્વર્ય...

પ્રશ્ન :— આશ્ચર્યકારક અનંત ઐશ્વર્યવીર્ય વાણીથી કહી શકાય એવું નથી.

ઉત્તર :— વાણીથી કેમ કહી શકાય? આખો પલટો કર્યો. જે અનંત કાળથી નહોતું કર્યું એ એણે પલટો કર્યો, એ એનો પુરુષાર્થ કોઈ અપૂર્વ છે. પણ પોતાનો સ્વભાવ છે. અને તે સ્વભાવ પ્રગટ કર્યો છે. પણ અનંત કાળથી દુર્લભ થઈ પડ્યો માટે એનો આશ્ચર્યકારી પુરુષાર્થ છે. એ અપેક્ષાએ. 'સમજ પીછે સબ સરલ હૈ'. સમજ્યા પછી સરળ છે. પણ અનંત કાળથી પ્રગટ નથી કર્યું માટે દુર્લભ છે. માટે એનો આશ્ચર્યકારી પુરુષાર્થ છે એમ કહે છે.

દશ્યને અદશ્ય કરવું તો એનો પુરુષાર્થ કેટલો હોય ત્યારે થાય? આ જે દશ્ય છે એનાથી છૂટો પડી જાય છે. બધાથી છૂટો પડે છે. દષ્ટિને અંદર લઈ જાય છે. અને આ બધાથી એકદમ નિરાળો થાય છે. એનો રસ ઉતરી જાય છે. નિરાળો થઈને અંતરમાં જાય છે. અંતરમાં કોઈ એને અપૂર્વતા લાગે છે. અંતરથી આત્મા—આશ્ચર્યકારી આત્મા પ્રગટ થાય છે અને એની સ્વાનુભૂતિ પ્રગટ થાય છે. આ બધું છૂટી જાય એટલે શૂન્ય નથી થઈ જતો. પણ કોઈ આશ્ચર્યકારી વિભૂતિ અંતરમાંથી પ્રગટ થાય છે. આ બધું અંદર છૂટી જાય છે અને ઉપયોગ અંદરમાં જામી જાય છે એ એનું કોઈ આશ્ચર્યકારી પુરુષાર્થ છે.

પ્રશ્ન :— વીર્ય કહીને પરાક્રમ કહેવા માગે છે.

ઉત્તર :— હા, એનો પુરુષાર્થ કોઈ જુદો છે. શુભભાવનો પુરુષાર્થ જીવે ઘણી વાર કર્યો છે. અશુભથી થાક્યો શુભમાં આવ્યો. શુભમાં એવા ઊંચા શુભભાવો કર્યા. મુનિ થઈ ગયો. બધું કર્યું. પંચ મહાવ્રત પાળ્યા. બધું કર્યું પણ શુભભાવોમાં રોકાય ગયો. પણ શુભથી પણ જુદો જે શુદ્ધાત્મા, એને શુભને પણ દશ્યમાંથી કાઢી નાખીને પોતે અંતરમાં જે અદશ્ય છે એને દશ્ય કર્યું. શુભભાવો શ્રુતનું ચિંતવન પણ એમાં જ્યાં રહેતું નથી અને એકલી નિર્વિકલ્પદશા (પ્રગટ કરી) એ એને

દશ્યમાન કરે છે. એટલે એ કોઈ પુરુષાર્થ છે એમ કહે છે. ઐશ્વર્ય કોઈ જુદું છે. પણ હજી દશા અધુરી છે એટલે બહાર આવે એટલે શ્રુતનું ચિંતવન અને એ બધું શુભભાવમાં હોય છે. પણ એ નિરાળું છે. એને હેયબુદ્ધિએ માને છે.

પ્રશ્ન :— અંદરમાં જે શુભભાવો થાય છે એ પણ દશ્ય છે?

ઉત્તર :— દશ્ય છે. એ દશ્યને પણ અંદરમાં ન્યારો થઈને સ્વરૂપમાં જામી જાય ત્યારે તો બધું અદશ્ય થઈ જાય છે. સ્વરૂપમાં જ્યાં અંદર જામી ગયું ત્યાં તો એને કાંઈ દેખાતું નથી, એકલો આત્મા દશ્યમાન છે. બહાર આવે, ત્યારે ઉપયોગ બહાર આવે દેખાય પણ પોતે ન્યારો છે. ઈ બધામાં એકત્વબુદ્ધિ હતી. એ બધું મારાથી જુદું છે. આ કાંઈ મારું સ્વરૂપ જ નથી. હું જુદો છું. એટલે અદશ્ય—દૂર છે મારાથી. એક જ્ઞાયક જ એને રાત ને દિવસ જ્ઞાયક જ એને એની દૃષ્ટિમાં દેખાય રહ્યો છે કે હું તો જ્ઞાયક જ છું. ઉપયોગ ભલે બહાર જાય. એની દૃષ્ટિમાં એક જ્ઞાયક જ દેખાઈ રહ્યો છે. ક્ષણે ક્ષણે નિરંતર આંતરા વગર જાગતા, બેસતા, સૂતા, સ્વપ્નમાં એક જ્ઞાયક દેખાય છે. દેખાય છતાં એનાથી દૂર છે. અંદર સ્વાનુભૂતિમાં તો અદશ્ય જ કર્યું છે. એકલો આત્મા દશ્યમાન છે. બહાર આવે તોપણ આત્મા જ દશ્યમાન છે. આ બધું ગૌણ છે, જુદું છે. આત્મા એનાથી જુદો તરવરે છે.

પ્રશ્ન :— બહાર આવે છે ત્યારે પણ ખરેખર તો દશ્યરૂપ તો પોતાનો આત્મા જ છે.

ઉત્તર :— આત્મા જ દશ્યરૂપ છે. આ તો બધું અદશ્ય છે. ઉપયોગમાં દેખાય તો એ એને જુદું જ ભાસે છે.

પ્રશ્ન :— મને ભાઈએ કહ્યું કે કાંઈ પ્રશ્ન હોય તો પૂછજો. મેં કહ્યું, આ જે પા કલાક બોલે છે 'બહેનશ્રી' ઉસમેં મેરે કો સમાધાન મિલેગા. પ્રશ્નની કાંઈ જરૂર નથી.

ઉત્તર :— કોઈ કાંઈક પૂછે છે એટલે નીકળે છે. મારી મેળે કાંઈ...

પ્રશ્ન :— મૂળ તો એ છે કે માતાજીને એક બરકત છે કે આપણે કાંઈક પૂછીએ તો એમના શ્રીમુખેથી કાંઈ વાત નીકળે છે.

પ્રશ્ન :— હું તો એમ માનું છું કે મારી પ્રાર્થના સ્વીકાર થઈ છે અને પંદર મિનિટ આપ બોલવા લાગ્યા.

ઉત્તર :— એવું દરરોજ તો.. આમ કોઈ મહેમાન દરરોજ આવે છે ને કુદરતી થાય છે. એમાં કોકવાર બંધ પણ થઈ જાય છે. એવું કોકવાર થોડા દિવસ થાય. એવું થઈ જાય.

પ્રશ્ન :— એમાં કાંઈ નહિ. તબીયત આપની બગડે અને બંધ રહે તેમાં શું થઈ ગયું. બાકી હમણાંથી આપની કરુણા છે એ તો દેખાય છે.

ઉત્તર :— આજ તો બંધ રાખવા જેવું જ હતું. પણ તોય એમ ને એમ રાખ્યું. કોઈ મહેમાન આવશે તો એમ ધારીને રાખ્યું. કારણ થોડા દિવસ શ્રમ હતો ને એટલે. કાલે બે દિ' મંદિર જઈ આવી.

પ્રશ્ન :— એ બધી મેં વાત કરી. મેં કીધું આજે ભાઈને લાવતી વખતે મેં કીધું કે કદાચ આજે શક્યતા ઓછી છે. માતાજી બે વખત પધારી ગયા છે ઉપરાઉપરી અને પાંચ દિવસનો આ શ્રમ એમને પડ્યો છે.

પ્રશ્ન :— જ્ઞાની સમાધાન તો કરે છે પણ સમાધાન પોતે કામમાં ન લે તો સમાધાન થતું નથી. આપ જે કાંઈ બોલો છો એમાં સમાધાન મને મળી જાય. ઈસી મેં સમાધાન ખોજને કા હૈ, સમાધાન બહાર કહાં હૈ.

ઉત્તર :— સમાધાન પોતે કરે તો થાય. અંતરમાં છે. જે માણસની તૈયારી હોય અને એમાંથી જેને કાંઈક અંદર વિચારો આવતા હોય એમાંથી પૂછેને એટલે એના જવાબો આવે. એટલે કુદરતી થોડું લંબાણથી કહેવાય. એટલે સહેજે થઈ જાય. એવું થઈ જાય.

પ્રશ્ન :— એમાં બધું સમાધાન છે. પા કલાકમાં માતાજી એવું નીકળે છે કે અમને તો એમ લાગે છે કે અમે 'ગુરુદેવ' પાસે જ બેઠા છીએ.

ઉત્તર :— 'ગુરુદેવ' તો 'ગુરુદેવ' જ હતા. એ તો વાત જુદી હતી પણ બધા પ્રશ્ન પૂછે એટલે જવાબ દઉં છું.

પ્રશ્ન :— અત્યારની પરિસ્થિતિમાં 'ગુરુદેવ'ની ખોટ આપનાથી પુરાય છે મારે એટલું કહેવું છે. અને હું તો ખરેખર હમણાંથી બે-ચાર ટપાલો છે એમાં હું દરેકને લખું છું કે જેમ પહેલા 'ગુરુદેવ'ના વખતમાં અહીંયાં આવીને રહેવા જેવું હતું એવું અત્યારે ફરીથી (રહેવા જેવું છે).

**(પૂજ્ય શ્રી નિહાલચંદ્રજી સોગાની દ્વારા લિખિત પત્રો)**

વચનોનો રસ વારંવાર લઈને પણ વૃત્તિ તૃપ્ત થતી નથી.

અધિક શું લખું? પૂજ્ય 'ગુરુદેવ' કહે છે કે, 'જ્ઞાનીને રાગાદિ ભાવો પોતાના સ્વભાવપણે ભાસતા નથી. સ્વરૂપની બહાર જ ભાસે છે.' આ જ વેદન આપણને બધાને દઢતર થતું જાય-એ જ ભાવના.

ધર્મસ્નેહી
નિહાલચન્દ્ર સોગાની

(૪૮)

કલકત્તા
૨૩-૧૨-૬૩

આત્મોન્મુખી.... શુદ્ધાત્મસત્કાર.

અહીં પહોંચ્યા પછી આપનો આવેલો પત્ર જોયો. ભગવાન 'શ્રી જયસેન આચાર્ય'ની ગાથા ૩૩૮-૩૯ની ટીકામાં 'અપરિણામી' સંબંધિત લીટીઓ આપે ઉદ્‌ધૃત કરીને લખી છે તે વાંચીને ખૂબ જ પ્રમોદ થયો.

સાંખ્યાનુસારી શિષ્ય અભિપ્રાયમાં નિશ્ચયવ્યવહારમય આખા પ્રમાણરૂપ અનેકાંત સ્વરૂપ દ્રવ્યને, એકાંતે અપરિણા-મી સમજીને, જૈનાગમમાં પણ શુદ્ધ દ્રવ્યાર્થિકનયથી જીવને અપરિણામી કહેવામાં આવ્યો છે એમ કહે છે, જેનું સમાધાન આચાર્યદેવે કરેલું છે. 'પરંતુ વ્યવહાર નયથી પરિણામી છે' અને શુદ્ધ દ્રવ્યાર્થિકનયથી અપરિણામી છે આ વાતને રાખીને વ્યવહાર અંગને નહીં સમજનાર શિષ્યને 'પરંતુ શબ્દ મૂકીને પરિણમનરૂપ વ્યવહાર પણ છે એમ બતાવ્યું છે. 'નિષ્ક્રિય' ભાવ તેમ જ શબ્દને માટે આપે આચાર્યશ્રીને ગાથા ૩૨૦ની ટીકા ત્યાં બતાવી હતી, તેમ જ પૂજ્ય 'ગુરુદેવશ્રી'ના મુખારવિંદથી સોનગઢમાં પણ રાત્રિચર્ચાના સમયે એનું સ્પષ્ટીકરણ થયું હતું. આ પ્રકારે નિષ્ક્રિય તેમ જ અપરિણામી, ત્રિકાલી સત્ પરમ શુદ્ધ નયનો વિષયદૃષ્ટિનો વિષય દ્રવ્ય હું છું એનો આગમઆધાર તપાસીને આપે બતાવ્યો, તેથી ખૂબ આનંદ થયો.

'શ્રી યોગીન્દ્રદેવ'ના 'પરમાત્મપ્રકાશ' શ્લોક નં. ૬૮ ઉપર પં. 'દોલતરામજી'ના અનુવાદ સાથેની 'શ્રી બ્રહ્મદેવ'ની ટીકા જલદીથી જોઈશ. સાથે જ 'શ્રી જયસેન આચાર્ય'ની 'ટીકા-પ્રતિ' જો અહીં મળી જશે તો ઉક્ત ગાથા સહિત પૂરેપૂરી જોવાનો વિચાર છે, જે મેં પહેલાં કદી જોઈ નથી.

અત્રુટક ભાવે સહજાનંદમાં મગ્ન રહો એ જ ભાવના છે.

મોક્ષેચ્છુક
નિહાલચંદ્ર


## પુસ્તક મંગાવવા સંબંધી સૂચના

**જે કોઈ મુમુક્ષુ ભાઈ બહેનોને જે કોઈ પુસ્તક મંગાવવા હોય તેમણે નિમ્નલિખિત નંબર ઉપર ફોન તથા વોટ્સ એપ કરવા વિનંતી. અતીનભાઈ જૈન, મો. ૭૦૪૩૩૭૦૫૦૬**

## સ્વાનુભૂતિપ્રકાશ પત્રિકા સંબંધિત

**સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ, ભાવનગરથી પ્રકાશિત થતી સ્વાનુભૂતિપ્રકાશ પત્રિકાના એડ્રેસ સંબંધિત કોઈપણ પ્રકારના ફેરફાર, નામ ઉમેરો અથવા કેન્સલ કરવા માટે નીચેના નંબર ઉપર ગ્રાહક નંબર લખી વોટ્સ એપ કરવા વિનંતી. પ્રશાંતભાઈ જૈન, મો. ૯૩૭૭૧૦૪૮૬૮**

## ‘દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ’માંથી શ્રી નિહાલચંદ્ર સોગાનીજી દ્વારા સાધર્મીઓને લખાયેલ આધ્યાત્મિક પત્ર



(૪૬)

કલકત્તા
૨૭-૨-૬૩

શ્રી સદ્‌ગુરુદેવાય નમઃ

આત્માર્થી.... શુદ્ધાત્મસત્કાર.

શ્રી લાલચંદભાઈની પરિણતિમાં મુખ્યપણે અધ્યાત્મમંથન ચાલે છે. હમણાં જ મુંબઈમાં આવેલા ભાઈઓના પત્રમાં પણ પૂર્વ અવસરના (લાલચંદભાઈ મુંબઈ આવેલ તે વખતના) તેમના ત્યાંના (મુંબઈના) વાંચનમાં એવી પરિણતિનો ઉલ્લેખ આવ્યો છે તેથી ચિત્ત પ્રસન્ન થાય છે. તેમને, ડૉ. ચંદુભાઈ અને બીજા બધા મળનારા સાધર્મી ભાઈઓને મારા ધર્મસ્નેહ કહેજો.

એ જ ભાવના છે કે પરમ ઉપકારી ‘શ્રી ગુરુદેવ’ની છત્રછાયામાં આપણે બધા મુમુક્ષુઓ પોતાના નિત્ય સ્વક્ષેત્રમાં અડગ-નિશ્ચલ રહીએ. જે (સ્વધામ)ની અપેક્ષાએ પરિણામ માત્રકેવલજ્ઞાનાદિ પરતત્ત્વ છે. આમ હોતાં જ નિત્ય અને ક્ષણિક બંને ભાવોનો અનુભવ પ્રત્યેક પળે એક જ સમયમાં થતો રહેશે, એવો ‘ગુરુદેવ’નો અભિપ્રાય છે.

(કર્તા-કર્મ-ક્રિયાના ભેદ જેમાં ભાસતા નથી,
અકર્તૃત્વ શક્તિ અખંડ રીત ધરીને રહે છે;
એના શોધક બનીને જ્ઞાનમાંહિ જાણી લેજો,
જેનું લક્ષ થતાં અનંત સુખ પ્રાપ્ત થાય છે.)

ધર્મસ્નેહી નિહાલચંદ્ર

(૪૭)

કલકત્તા
૧૭-૧૦-૬૩

**ચૈતન્યમૂર્તિ શ્રી સદ્‌ગુરુદેવાય નમઃ**

આત્માર્થી.... શુદ્ધાત્મસત્કાર.

આપના ત્રણ પત્રો યથાસમય મળ્યા. હવે મારું શારીરિક સ્વાસ્થ્ય ઠીક છે. લગભગ એક મહિનો પલંગ ઉપર રહેવું પડ્યું. ચિંતા કે રાગ તો પોતાને હાનિકારક છે, સ્વમાં અથવા પરમાં અકાર્યકારી છે; તેથી હરેક સમયે સ્વભાવબળથી સહજ નિષેધપૂર્વક થાય તો (રાગ અને ચિંતાનું) ફળ આદરણીય થઈ શકતું નથી.

આ દિવસોમાં સાધર્મી ભાઈઓનો પત્ર-વ્યવહાર કંઈક વધ્યો છે, પરંતુ સહજ વિકલ્પ નિમિત્તે જવાબ લખાઈ જાય તે જ ઠીક છે; તેથી જવાબ કે વિલંબ વગેરેની અધિક રાહ ન જોવી એ જ ઠીક છે.

આશા છે કે, પરમ ઉપકારી ‘શ્રી સદ્‌ગુરુદેવ’ સુખ-શાંતિમાં બિરાજતા હશે. આ મહિનાના ગુજરાતી ‘આત્મધર્મ’માં અનુભવરસથી ભીંજાયેલી વાણી તથા પ્રસન્નમુદ્રા જોઈને દિલ નાચી ઊઠ્યું. તેમણે જણાવ્યું છે કે

‘અમારો કેવળજ્ઞાનનો ધ્વજ ફરકી રહ્યો છે, કેવળજ્ઞાનનો ઝંડો ફરકાવતાં ફરકાવતાં અલ્પકાળે મોક્ષમાં જશું’ આ

**(શેષ અંશ પૃષ્ઠ સંખ્યા—૧૬ ઉપર)**



# પરમ કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્ર દ્વારા લિખિત આધ્યાત્મિક પત્ર

**પત્રાંક ૨૦૨**

મુંબઈ, માહ વદ ૩, ૧૯૪૭

સુજ્ઞ મહેતા ચત્રભુજ,

જીવનું કલ્યાણ થાય તે માર્ગ આરાધવો 'શ્રેયસ્કર' છે, એમ વારંવાર કહ્યું છે છતાં અહીં એ વાતનું સ્મરણ કરાવું છું.

મારાથી કંઈ પણ હમણાં લખવામાં આવ્યું નથી, તેનો ઉદ્દેશ એટલો જ કે સંસારી સંબંધ અનંત વાર થયો છે, અને તે મિથ્યા છે. તે વાટે પ્રીતિ વધારવા ઇચ્છા નથી. પરમાર્થ વાટે વહાલપ ઊપજે એવો પ્રકાર ધર્મ છે. તેને આરાધજો.

વિ. રાયચંદના ય.

**પત્રાંક ૨૦૩**

મુંબઈ, માહ વદ ૪, ૧૯૪૭

**ૐ સત્સ્વરૂપ**

સુજ્ઞ ભાઈ,

આજે એક તમારું પત્ર મળ્યું. તે પહેલાં ત્રણેક દિવસ પહેલાં એક પત્ર સવિગત મળ્યું હતું. તે માટે કંઈ અસંતોષ થયો નથી, વિકલ્પ કરશો નહીં.

જે સવિગત પત્ર તમે મારા પત્રના ઉત્તરમાં લખ્યું છે તે પત્ર તમે વિકલ્પપૂર્વક લખ્યું નથી. મારું તે લખેલું પત્ર (આંક ૧૯૮) મુનિ ઉપર મુખ્યે કરીને હતું. કારણ કે તેમની માગણી નિરંતર હતી.

અત્ર પરમાનંદ છે. તમે અને બીજા ભાઈઓ સત્‌ને આરાધવાનું પ્રયત્ન કરજો. અમારા યથાયોગ્ય માનજો. અને ભાઈ ત્રિભોવન વગેરેને કહેજો.

વિ. રાયચંદના ય.

**પત્રાંક ૨૦૪**

મુંબઈ, માહ વદ ૭, ભોમ, ૧૯૪૭

અત્ર પરમાનંદ વૃત્તિ છે. આપનું ભક્તિ-ભરિત પત્ર આજે પ્રાપ્ત થયું.

આપને મારા પ્રત્યે પરમોલ્લાસ આવે છે; અને વારંવાર તે વિષે આપ પ્રસન્નતા પ્રગટ કરો છો; પણ હજી અમારી પ્રસન્નતા મારા ઉપર થતી નથી; કારણ કે જેવી જોઈએ તેવી અસંગદશાથી વર્તાતું નથી; અને મિથ્યા પ્રતિબંધમાં વાસ છે. પરમાર્થ માટે પરિપૂર્ણ ઇચ્છા છે; પણ ઈશ્વરેચ્છાની હજુ તેમાં સમ્મતિ થઈ નથી, ત્યાં સુધી મારા વિષે અંતરમાં સમજી રાખજો; અને ગમે તેવા મુમુક્ષુઓને પણ કંઈ નામપૂર્વક જણાવશો નહીં. હાલ એવી દશાએ રહેવું અમને વહાલું છે.

ખંભાત આપે પત્તું લખી મારું માહાત્મ્ય પ્રગટ કર્યું પણ તેમ હાલ થવું જોઈતું નથી; તે બધા મુમુક્ષુ છે. સાચાને કેટલીક રીતે ઓળખે છે, તોપણ તે પ્રત્યે હાલ પ્રગટ થઈ પ્રતિબંધ કરવો મને યોગ્ય નથી લાગતો. આપ પ્રસંગોપાત્ત તેમને જ્ઞાનકથા લખશો, તો એક પ્રતિબંધ મને ઓછો થશે. અને એમ કરવાનું પરિણામ સારું છે. અમે તો આપના સમાગમને ઇચ્છીએ છીએ. ઘણી વાતો અંતરમાં ઘૂમે છે પણ લખી શકાતી નથી.